અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૯ જાન્યુઆરી ૨૦૨૪, શુક્રવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, પોષ સુદ નવમ | અંક : ૧૬૯ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


## કોરોનાના નવા વેરિયન્ટના કેસમાં દેશમાં ઝડપી વધારો

# દેશના ૧૭ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં કોવિડના જેએન-૧ વેરિયન્ટનો પગપેસરો

### ભારતીય સાર્સ-કોવ-૨ જીનોમિક્સ કન્સોર્ટિયમના ડેટા મુજબ સૌથી વધુ કેસ કર્ણાટકમાં નોંધાયા, ગુજરાતમાં ૭૬ કેસ, દેશમાં કુલ ૧૨૨૬ કેસ

। નવી દિલ્હી, તા.૧૮ ।

દેશમાં ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં કોવિડ-૧૯ સબ વેરિયન્ટ જેએન.૧નો પેસારો થયો છે. અત્યાર સુધીમાં નવા વેરિયન્ટના કુલ ૧૨૨૬ કેસ સામે આવ્યા છે. સૌથી વધુ કેસ કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં નોંધાયા છે. આ માહિતી ઈન્સાકોગેગુરુવારે આપી છે. ભારતીય સાર્સ-કોવ-૨ જીનોમિક્સ કન્સોર્ટિયમ (ઈન્સાકોગ)ના ડેટા મુજબ સૌથી વધુ કેસ કર્ણાટકમાં નોંધાયા છે. સીડીસીના જણાવ્યા મુજબ કોરોનાના નવા વેરિયન્ટ જેએન.૧થી પીડિત દર્દીમાં તાવ, ઠંડી લાગવી, ઉધરસ, શ્વાસ લેવામાં તકલીફ, થાક, માથું દુઃખવું, સ્નાયુમાં દુઃખાવો, સ્વાદ અથવા ગંધ પારખવામાં સમસ્યા, ગળામાં ખરાશ, નાક વહેવું, ઉબકા, ઉલટી અને ઝાડા જેવા લક્ષણો જોવા મળે છે. જોકે કેટલાક કેસોમાં લક્ષણો દર્દીની ઈમ્યૂનિટી પર નિર્ભર છે. નવા વેરિયન્ટમાં ચોંકાવનારી બાબત સામે આવી છે કે, સ્વસ્થ થવા છતાં દર્દીમાં લક્ષણો યથાવત્ રહે છે, જેમાં માથું દુઃખું, થાક લાગવો, શ્વાસની સમસ્યા સામેલ છે. ડૉક્ટરોનું કહેવું છે કે, ઓછામાં ઓછા ૪થી ૬ અઠવાડિયા બાદ દર્દી આ લક્ષણોમાંથી બહાર આવે છે.



### જેએન.૧ સબ-વેરિયન્ટ શું છે ?

દેશમાં જેએન.૧ સબ-વેરિયન્ટનો પ્રથમ કેસ ઓગસ્ટમાં સામે આવ્યો હતો. નવો વેરિયન્ટ ઓમિક્રોન નો સબ-વેરિયન્ટ બીએ.૨.૮૬માંથી ઉદભવ્યો છે. ૨૦૨૨ની શરૂઆતમાં કોરોના કેસોમાં વધારો થવાનું મુખ્યકારણ બીએ.૨.૮૬ જ હતો. બીએ.૨.૮૬ વધુ ફેલાયો ન હતો, પરંતુ તેને નિષ્ણાંતોની ચિંતા વધારી દીધી હતી, કારણ કે, બીએ.૨.૮૬માં સ્પાઈક પ્રોટીન પર વધારાના પરિવર્તનો થયા હતા અને તેની જેમ જેએન.૧ના સ્પાઈક પ્રોટીનમાં પણ એક વધારાનું પરિવર્તન થયું છે. નિષ્ણાંતોનું કહેવું છે કે, વિશ્વસ્તરે કેસોમાં વધારો થાય બાદ સામે આવ્યું છે કે, જેએન.૧ ઓમિક્રોનું સબ-વેરિયન્ટ છે, જે મજબૂત ઈમ્યૂનિટી ધરાવતા લોકોને પણ સરળતાથી સંક્રમિત કરી શકે છે. યૂએસ સેન્ટર ફોર ડિજીજ કંટ્રોલ (સીડીસી)એ નવા વેરિયન્ટને ઝડપી ફેલાતો હોવાનો ખુલાસો કર્યો છે.

## ન્યૂઝ બ્રિફ

### નૌકાદળમાં યુદ્ધ જહાજો પર મહિલા અગ્નિવીરોને તૈનાત કરાશે

। નવી દિલ્હી, તા.૧૮ ।

દેશમાં ૭૪માં પ્રજાસત્તાક દિવસની તૈયારીઓ ચાલી રહી છે ત્યારે સરહદ પર દેશની રક્ષા કરવાનું સપનું જોનારી હજારો મહિલાઓ માટે એક મહત્વના સમાચાર છે. સૂત્રો દ્વારા મળતા અહેવાલ છે મુજબ ભારતીય નૌકાદળ થોડા અઠવાડિયામાં જ યુદ્ધ જહાજો પર મહિલા અગ્નિવીરોને તૈનાત કરવાનું શરૂ કરવા જઈ રહી છે. ઉલ્લેખનીય છે કે હાલમાં લગભગ ૫૦ જેટલી મહિલાઓ યુદ્ધ જહાજ પર સેવા આપી રહી છે.

### ઈડીના સમન્સ અવગણીને અરવિંદ કેજરીવાલની ગોવા જવાની યોજના

। નવી દિલ્હી, તા.૧૮ ।

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ કથિત લીકર પોલીસી કેસમાં ફરી એકવાર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના સમન્સ ની અવગણના કરી શકે છે. ઈડીના ચોથા સમન્સને અવગણીને આમ આદમી પાર્ટી (આપ)ના કન્વીનરે ગોવા જવાની યોજના બનાવી છે.

## રામલલાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને તૈયારી

# ૨૨ જાન્યુઆરીએ કેન્દ્ર સરકારે અડધો દિવસની રજા જાહેર કરી

### કેન્દ્રની તમામ કચેરીઓ, સંસ્થાઓ અને ઔદ્યોગિક સંસ્થાઓ ૨૨મીએ બપોરે ૨:૩૦ વાગ્યા સુધી બંધ રહેશે

। નવી દિલ્હી, તા.૧૮ ।

અયોધ્યા નગરીમાં ભવ્ય રામ મંદિરમાં થનારા રામલલાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને પૂરજોશમાં તૈયારી ચાલી રહી છે તેમજ દેશભરમાં રામ ભક્તોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે કેન્દ્ર સરકારે આજે એક મોટી જાહેરાત કરી છે. જેમાં ૨૨ જાન્યુઆરીએ રામલલાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સના દિવસે કેન્દ્રિય સરકારની કચેરીઓ અડધા દિવસ માટે બંધ રહેશે.

કેન્દ્રીય રાજ્ય મંત્રી જિતેન્દ્ર સિંહે આ માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે આ નિર્ણય જનભાવનાઓને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારે પોતાના આદેશમાં કહ્યું છે કે "અયોધ્યામાં ૨૨ જન્યુઆરીએ યોજાનારા રામલલાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને સમગ્ર ભારતમાં ઉજવવામાં આવશે" કર્મચારીઓ આ મહોત્સવમાં ભાગ લઈ શકે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે કે સમગ્ર ભારતમાં કેન્દ્ર સરકારની તમામ કચેરીઓ, કેન્દ્રીય સંસ્થાઓ અને કેન્દ્રીય ઔદ્યોગિક સંસ્થાઓ ૨૨ જાન્યુઆરીએ બપોરે ૨:૩૦ વાગ્યા સુધી અડધા દિવસ માટે બંધ રહેશે. ઉલ્લેખનીય છે કે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને ધ્યાનમાં રાખીને ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, ગોવા, હરિયાણા અને છત્તીસગઢમાં આખા દિવસની રજા જાહેર થઈ ચૂકી છે.

### વડાપ્રધાને શ્રી રામ જન્મભૂમિ મંદિર પર સ્મારક ટપાલ ટિકિટ બહાર પડી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રી રામ જન્મભૂમિ મંદિર પર સ્મારક ટપાલ ટિકિટ બહાર પડી છે.સાથે વિશ્વભરમાં ભગવાન રામ પર જાહેર કરીલી ટિકિટોની એક પુસ્તકનું પણ વિમોચન કર્યું હતું. વડાપ્રધાને કુલ છ ટપાલ ટિકિટ બહાર પાડી, જેમાં રામ મંદિર, ભગવાન ગણેશ, હનુમાન, જટાયું, કેવટરાજ અને માતા શબરીનો સમાવેશ થાય છે. ૪૮ પાનાના પુસ્તકમાં અમેરિકા, ન્યુઝીલેન્ડ, સિંગાપોર, કેનેડા, કંબોડિયા અને સંયુક્ત રાષ્ટ્ર જેવા સંગઠનો સહિત ૨૦થી વધુ દેશો દ્વારા જાહેર કરાયેલ ટપાલ ટિકિટોનો સમાવેશ થાય છે.


નવી આશા, નવી સફર, IVFની મદદથી આશાને હકિકતમાં ફેરવો..

MERRYLAND

Women' s Hospital & IVF (ટેસ્ટ ટ્યુબ બેબી) સેન્ટર

રાહત દરે IVF પેકેજ/ઓપરેશન 0% વ્યાજદરે EMI સુવિધા ઉપલબ્ધ

કેમ્પ



સૌથી ઓછા પ્રયત્ને ઝડપી ગર્ભધારણ માટે
- કારણ વગરના ઓવમપિક-અપ અને એમ્બ્રીયો ટ્રાન્સફરને રોકવા
- ઓછામાં ઓછા પ્રયત્ને ગર્ભધારણ મેળવવા
- ગર્ભપાતની શક્યતા ઓછી કરવા
- સૌથી સચોટ પધ્ધતિનો ઉપયોગ

નિશુલ્ક વ્યંધત્વ નિદાન કેમ્પ
તા. ૩૧-૦૧-૨૦૨૪ સુધી
સમય સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૦૦

જટિલ સમસ્યાઓનાં નિવારણ માટે
- IUI કે IVF માં એકથી વધુ વાર નિષ્ફળતા
- 0% કે નહીવત શુક્રાણું
- લાંબુ કે જટિલ વ્યંધત્વ
- ગમે તેવી મોટી ઉંમર કે નીચુ AMH
- PCOD સ્ત્રી બીજ ન બનવા કે છૂટા ન પાડવા
- બંને નળીઓ બંધ હોવી
- ગર્ભાશયમાં ગાંઠ હોવી
- એન્ડોમેટ્રીઓસીસ
- એડેનોમાયોસીસ

ઉપલબ્ધ સેવાઓ
- હાઈરિસ્ક પ્રેગ્નન્સી યુનિટ
- IUI, IVF સરોગેસી
- હિસ્ટ્રોસ્કોપી-લેપ્રોસ્કોપી
- હાઈરિસ્ક પ્રેગનેન્સી
- મેલ/ફિમેલ ઇનફર્ટીલીટી

કેમ્પ

દરેક ઈન્સ્યોરન્સ માટે કેશલેશ સુવિધાઓ ઉપલબ્ધ

ડો. હિતેશ પટેલ (ઈનફર્ટીલીટી સ્પેશ્યાલિસ્ટ)

સરનામુ :- ત્રીજો માળ, ડ્રીમસ્કવેર, નિર્ણયનગર અંડરબ્રીજની બાજુમાં, અખબારનગર, અમદાવાદ, ગુજરાત, www.merrylandhospital.com

રજીસ્ટ્રેશન ફ્રિ પણ ફરજીયાત, તો કોલ કરો.. + 91 9081 66 33 55 / 66



રાંચીમાં, એક આરોગ્ય કાર્યકર ઠંડી અને ધુમ્મસવાળી શિયાળાની સવાર દરમિયાન જોગરનું બ્લડ પ્રેશર તપાસે છે.

# મધ્ય અને ઉત્તર ગુજરાતમાં ઠંડીનું જોર વધે તેવી શક્યતા

## વાદળછાયા વાતાવરણના લીધે ઠંડીથી આંશિક રાહત થઈ ગાંધીનગરમાં ૧૧ ડિગ્રી તો ડીસામાં ૧૧.૫ ડિગ્રી તાપમાન

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

આખરે રાજ્યમાં હાડ થીજવતી ઠંડી અનુભવાઈ છે. ૮.૪ ડિગ્રી તાપમાન સાથે આજે ગાંધીનગર સૌથી ઠંડુગાર રહ્યું છે. તો નલિયા ૯.૮, ડીસા ૧૦.૧, અમદાવાદ ૧૧.૧, વડોદરા ૧૨, રાજકોટ ૧૨.૪ ડિગ્રી તાપમાન રહ્યું. જોકે, હજી વધુ ઠંડી પડશે. આગામી દિવસોમાં વધુ પવન ફૂંકાય તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

હવામાન વિભાગના એક્સપર્ટસે જણાવ્યું કે, આગામી દિવસોમાં ઉત્તરીય પવન ફૂંકાઈ શકે છે. જેને કારણે ઠંડીનું પ્રમાણ વધશે. ખાસ, કરીને હાલ નલિયા તરફ પવનો ફૂંકાઈ રહ્યાં છે. જ્યારે મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના ભાગો પર ઉત્તરીય પવનો ફૂંકાવાને કારણે ઠંડીનું પ્રમાણ વધુ છે. તેમજ દરિયા કાંઠાના વિસ્તારોમાં ખાસ કરીને નલિયા પશ્ચિમ દિશઆના પવનો ફૂંકાતા હોવાથી ત્યાંનું તાપમાન મધ્ય ગુજરાતની સરખામણીએ વધુ ઠંડું છે. જોકે, આગામી દિવસોમાં મધ્ય અને ઉત્તર ગુજરાતમાં ઠંડીનું જોર વધશે.

હાલ સમગ્ર ગુજરાતમાં ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. ગાંધીનગર રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યું છે. આજે નલિયા કરતા પણ વધુ ઠંડી ગાંધીનગરમાં નોંધાઈ છે. ગાંધીનગરમાં ૧૧ ડિગ્રી તાપમાન, જ્યારે કે નલિયામાં ૧૨.૮ ડિગ્રી નોંધાયું છે. અમદાવાદમાં ૧૩ ડિગ્રી તાપમાન નોંધાયું છે. તો ડીસામાં ૧૧.૫ ડિગ્રી અને વડોદરામાં ૧૨.૪ ડિગ્રી તાપમાન નોંધાયું. રાજકોટમાં ૧૪.૮ ડિગ્રી અને સુરતમાં ૧૫ ડિગ્રી તાપ માન નોંધાયું છે. હાલ રાજ્યમાં પવનની ગતિ ઉત્તર પશ્ચિમથી ઉત્તરીય દિશા તરફ છે.

જાન્યુઆરી મહિનામાં એકવાર તો માવઠું આવી ગયું, ત્યારે હવે ફરીથી કમોસમી વરસાદની આગાહી આવી ગઈ છે. ભૂમધ્ય સાગરમાં ફરી એકવાર ચક્રવાત આવવાનો છે. જેની અસર ભારતના પશ્ચિમભાગ ઉપર અસર થશે, પરંતુ ગુજરાત પર તેની અસરથી કમોસમી વરસાદ આવશે. ૨૪ થી ૨૬ જાન્યુઆરીએ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ગુજરાતમાં જોવા મળશે. જેની અસરના ભાગ રૂપે કચ્છ, પશ્ચિમ સૌરાષ્ટ્રમાં વરસાદની શક્યતા છે. જયારે ગુજરાતનાં અન્ય ભાગોમાં વાદળવાયુ વાતાવરણ રહેવાની શક્યતા છે. ૧૯ જાન્યુઆરીએ પણ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવશે. જેના કારણે રાજ્યમાં વાદળવાયુ વાતાવરણ રહેશે. ઉનાળાને લઈ આગાહીકાર અંબાલાલ પટેલની આગાહી એવી છે કે, આ વર્ષે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ નબળા આવવાને કારણે હિમ નદી ઉપર અસર થશે. હિમ નદીઓ ઉપર અસર થવાને કારણે ગ્લેશિયર પીગળવાને કારણે ઉનાળો વહેલો આવવાની શક્યતા છે. ઉનાળામાં કાળઝાળ ગરમી પ ડવાની શક્યતા છે. ૧૯ ફેબ્રુઆરીથી હળવી ગરમીની શરૂઆત થશે. ૨૦ એપ્રિલથી વધુ અને ૨૬ એપ્રિલથી આકરી ગરમી વેઠવાનો વારો આવશે.

# આદિજાતિ બાંધવોને સ્પર્શતી ૫ દિવસની વન સેતુ ચેતના યાત્રાનું આયોજન કરાયું

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૮ ।

ગાંધીનગર ખાતે રાજ્ય સરકારના મંત્રીઓની કેબિનેટ બેઠક યોજાઈ હતી. જેમાં કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લેવાયા છે. જે બેઠક બાદ રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે વાઈબ્રેન્ટ ગ્લોબલ સમિટની સફળતાની વાત કરતા કહ્યું કે, આ સમિટ ગુજરાતીઓના ગૌરવ સમાન છે, જેનો આવતા સમયમાં ભારતની જીડીપીમાં મહત્વનો ફાળો રહેશે. સાથો સાથ તેમણે વન સેતુ ચેતના યાત્રાની પણ વાત કરી હતી, પ્રવક્તા મંત્રી ઋષિકેશ પ ટેલે વન સેતુ ચેતના યાત્રા વિશે માહિતી આપ તા જણાવ્યું હતું કે, આદિજાતિ બાંધવોને સ્પ ર્શતી ૫ દિવસની “વન સેતુ ચેતના યાત્રા"નો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નવસારીના સાસંદ સી.આર. પાટીલના હસ્તે તા.૧૮ જાન્યુઆરીના રોજ નવસારી જિલ્લાના ભીનાર ખાતે આવેલા ’જાનકી વન’ ખાતેથી પ્રસ્થાન કરવામાં આવશે. આ યાત્રા વલસાડ,નવસારી,ડાંગ, તાપી, સુરત,ભરુચ, નર્મદા, પંચમહાલ, છોટાઉદેપ ુર, દાહોદ, મહીસાગર, અરવલ્લી, સાબરકાંઠા અને બનાસકાંઠા એમ કુલ ૧૪ જિલ્લામાંથી પસાર થઈ અંદાજિત ૧૦૦૦ કી.મીનું અંતર કાપી તા.૨૨ જાન્યુઆરીએ અંબાજી ખાતે પ ૂર્ણ થશે. આ યાત્રામાં અંદાજિત ૫૧ જેટલા આદિજાતિ તાલુકાના ગામોના અંદાજિત ૩ લાખ આદિવાસી ભાઈઓ બહેનોને સાંકળી લેવામાં આવશે. આ યાત્રાના માર્ગમાં આવતા દરેક જિલ્લામાં ૧ સ્ટેજ પ્રોગ્રામ અને ૩ સ્થળોએ સ્વાગત કાર્યક્રમ, રાત્રીના સમયે ભજન સંધ્યા કાર્યક્રમ તેમજ યાત્રાના માર્ગમાં આવતા પ્રસિધ્ધ મંદીરોએ દર્શન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રા દરમ્યાન વનસહભાગી મંડળીઓ જોડે મુલાકાત અને સંવાદ, મહિલા સ્વસહાય જૂથો સાથે મુલાકાત, વિશેષ સિધ્ધી પ્રાપ્ત કરનાર આદીવાસીઓનું સન્માન, સરકારના ૨૦ વર્ષની સિધ્ધીઓનો અહેવાલ, રામમંદીર પ્રાણ પ્રતિષ્ઠાની સકારાત્મક ઉજવણી, સરકારી યોજનાઓની સમીક્ષા, એફ.આર. એ ના લાભો, યાત્રી સભા, જંગલ વિસ્તારના ગામોમાં વસતા આદિજાતિ સમુદાયના લોકોને મળી.

### આરોગ્ય વિભાગની કાર્યવાહીમાં સૌથી મોટો ખુલાસો થયો

# રાજકોટમાં આશા ફૂડ નામના એકમમાં આરોગ્ય વિભાગના દરોડા

। (એજન્સી) રાજકોટ, તા.૧૮ ।

રાજકોટ આરોગ્ય વિભાગની કાર્યવાહીમાં સૌથી મોટો ખુલાસો થયો છે. બાતમીના આધારે શહેરની દિનદયાળ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં પાડવામાં આવેલા દરોડામાં મોટાપાયે લોલમલોલ સામે આવી છે. આશા ફૂડ નામના એકમમાંથી આરોગ્ય વિભાગે ૫,૨૦૦ કિલો જેટલા દાબેલા ચણા, સાદા ચણા અને મગનો જથ્થો જપ્ત કર્યો છે. તો દાઝેલુ તેલ,ટેસ્ટી મસાલા સહિત અન્ય ચીજવસ્તુઓના સેમ્પલ ટેસ્ટિંગ માટે પણ મોકલવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે જ્યારે અધિકારીઓ એકમ પર પહોંચ્યા ત્યારે મોટાપાયે અનહાઈજેનિક કન્ડિશન જોવા મળી હતી. મહત્વપૂર્ણ છે કે સંચાલકો દ્વારા ચણાને ચટપ ટા અને સ્વાદિષ્ટ બનાવવા માટે બોરિક એસિડ એટલે કે શંખ જીરૂનો ઉપયોગ કરતા હતા. આરોગ્ય અધિકારીની માનીએ તો શંખજીરૂ એટલે કે બોરિક એસિડ આરોગ્ય માટે હાનિકારક છે. શંખ જીરૂ ખાવાથી મ્હો અને આંતરડામાં ચાંદા પડી શકે છે, લાંબાગાળે અલ્સરની પણ બીમારી થવાની શક્યતા છે.

### લોકોના મોબાઈલમાં મફત સ્ટીકર લગાવી આપશે

# ભાવનગરના રામભક્ત વેપારીની અનોખી જાહેરાત

। (એજન્સી) ભાવનગર, તા.૧૮ ।




ભાવનગર શહેરના બિઝનેસ સેન્ટરમાં આવેલી પ્રેમ મોબાઈલ એસેસરીઝ નામની દુકાન ધરાવતા રામ ભક્ત વેપારીએ એક અનોખી જાહેરાત કરી છે. તેઓ પોતાની દુકાને લોકોના મોબાઈલમાં શ્રીરામ મંદિર ચિત્ર સાથેના સ્ટીકર મફત લગાવી આપશે. શ્રીરામ મંદિર પ્રાણપ્રતિષ્ઠાના દિવસ સુધી દુકાને આવનાર દરેક લોકોને મોબાઈલ પાછળ મફત સ્ટીકર લગાવી આપ શે. મફત સ્ટીકર લગાવવાની જાહેરાત થતાં જ શ્રીરામ પ્રત્યે આસ્થા ધરાવતા લોકોના ટોળા ઉમટી રહ્યા છે.

અયોધ્યામાં શ્રીરામ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવને લઈને દેશભરમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. સૌ કોઈ પ ોતપોતાની રીતે ઉજવણીમાં મગ્ન બની રહ્યા છે. ત્યારે ભાવેણાવાસીઓ પણ એ ઉત્સાહમાં પોતાનો સુર પુરાવી રહ્યા છે. જેમાં ભાવનગરના એક વેપારીએ અનોખી જાહેરાત કરતા તેની દુકાન પર લોકોના ટોળેટોળાં ઉમટી રહ્યા છે.

હાલ નાના મોટા સૌ કોઈ પાસે મોબાઈલ જોવા મળી જાય છે. લોકો મોબાઈલને આકર્ષક બનાવવા મોબાઈલની પાછળ અલગ અલગ પ્રકારના અને રૂપિયા ૧૦૦ થી ૫૦૦ સુધીનો ખર્ચ કરી લોકો મનગમતા સ્ટીકરો ચીપકાવતા હોય છે , ત્યારે હાલ શ્રીરામ મંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવને લઈને ઉજવણીનો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે શહેરના બિઝનેસ સેન્ટરમાં મોબાઈલ એસેસરીઝની દુકાન ધરાવતા વેપારી પ્રેમભાઈએ પ્રભુ રામ પ્રત્યેની પોતાની આસ્થા વ્યક્ત કરવા પોતાની દુકાને મોબાઈલમાં સ્ટીકર લગાવવા આવતા લોકોને મોબાઈલ દીઠ શ્રીરામના મંદિર સાથેના ચિત્રવાળું સ્ટીકર મફત લગાવી આપવાની અનોખી જાહેરાત કરી છે. જાહેરાત કરતાની સાથે ભગવાન રામ પ્રત્યે આસ્થા ધરાવતા લોકો મોબાઈલમાં સ્ટીકર લગાવવા ઉમટી રહ્યા છે. જાહેરાત કરતાની સાથે ભગવાન રામ પ્રત્યે આસ્થા ધરાવતા લોકો મોબાઈલમાં સ્ટીકર લગાવવા ઉમટી રહ્યા છે.

# સસરા લાફા મારતા, પતિ બચકાં ભરતો, સાસું ગીઝર બંધ કરી દેતી

## પુત્રવધુને સ્નાન કરવામાં મોડુ થતાં પતિ અને સસરાએ ઝગડો કરીને લાફા મારીને ધક્કો મારીને ચોકડીમાં પાડી દીધી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

શહેરના ઘાટલોડિયામાં રહેતી એક યુવતીએ એક વર્ષ પહેલા જ લગ્ન કર્યા હતા. લગ્ન કર્યા ત્યારથી જ સાસુ અવાર નવાર અલગ અલગ બાબતોમાં બોલાચાલી ઝગડો કરતી હતી. ત્યારે યુવતી કંઇ પણ જવાબ આપે તો તેનો પતિ તેને માર મારતો હતો અને બચકા ભરતો હતો. ઉત્તરાયણના દિવસે સાસુએ પુત્રવધુને રસોઈ બનાવવાનું કહેતા તેણે સાસુ પાસે મદદ માંગી હતી. સાસુએ મદદ કરવાની મનાઈ કર્યા બાદ જયારે પુત્રવધુ સ્નાન કરવા ગઇ ત્યારે મોડુ થાય તે માટે ગિઝર બંધ કરી




દીધુ હતું. પુત્રવધુને સ્નાન કરવામાં મોડુ થતાં પતિ અને સસરાએ ઝગડો કરીને લાફા મારીને ધક્કો મારીને ચોકડીમાં પાડી દીધી હતી. જેથી ઘાટલોડિયા પોલીસે યુવતીની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે. શહેરના ઘાટલોડિયા વિસ્તારમાં રહેતી ૨૨ વર્ષીય યુવતી એ વર્ષ ૨૦૨૨ માં લગ્ન કર્યા ત્યારથી જ સાસરિયા ઓએ ત્રાસ આપવાનું શરૂ કર્યુ હતું. લગ્ન બાદ સાસુએ ફરિયાદ કરી હતી કે તેઓ જાન લઈને આવ્યા ત્યારે તારા પિયરવાળા ઓએ બદામ કે જ્યુસ આપ્યુ ન હતુ. જે બાબતે સાસુ વહુ વચ્ચે બોલાચાલી થતાં યુવતીને તેના પતિએ બે લાફા મારી દીધા હતા.

એક દિવસ યુવતી કામઅર્થે તેના દિયરનું એક્ટિવા લઈને ગઇ ત્યારે પરત આવતા તેના દિયરે ચાવીનું કિચન તુટેલુ હોવાની ફરિયાદ કરી હતી. સાસરિયાઓએ આ સામાન્ય બાબતે પણ ઝગડો કરીને યુવતીને તેના પતિ તથા સસરાએ ઝાપટો મારી હતી. યુવતીના પતિએ પાણીનો નળ ચાલુ કેમ નથી કર્યો તે બાબતે પણ બબાલ કરીને ગાળો બોલીને બચકા ભરીને તેના પિયર મૂકી ગયો હતો. સાસરિયાઓએ આ સામાન્ય બાબતે પણ ઝગડો કરીને યુવતીને તેના પતિ તથા સસરાએ ઝાપટો મારી હતી. યુવતીના પતિએ પાણીનો નળ ચાલુ કેમ નથી કર્યો તે બાબતે પણ બબાલ કરીને ગાળો બોલીને બચકા ભરીને તેના પિયર મૂકી ગયો હતો.

## વિશેષ મુખ્યમંત્રીશ્રીને ભેટસોગાદોમાં મળેલ ચીજવસ્તુઓના પ્રદર્શન-વેચાણને ખુલ્લું મૂકતાં અમદાવાદ જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.

# તોશાખાનામાં જમાં કરાવેલ ચીજવસ્તુઓનું સિટી ડે.કલેક્ટર(પશ્ચિમ)ની ગોતા સ્થિત કચેરીએ તા.૨૦ જાન્યુઆરી સુધી યોજાશે પ્રદર્શન-વેચાણ

। (માહિતી) અમદાવાદ, તા. ૧૮ ।

પ્રદર્શન-વેચાણમાં મોમેન્ટો, સોના-ચાંદીની ભેટ-સોગાદો સહિત અંદાજિત ૨૫ લાખની કિંમતની ૮૫૦ જેટલી વસ્તુઓ:-જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.

રાજ્યના મુખ્યમંત્રીશ્રીને વિવિધ કાર્યક્રમો અને પ્રવાસ દરમિયાન ભેટ-સોગાદોમાં મળેલ અને તોશાખાનામાં જમા કરાવેલ ચીજવસ્તુઓનું પ્રદર્શન-વેચાણ અમદાવાદ જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ ખુલ્લું મૂક્યું હતું.

આ પ્રદર્શનના ઉદ્‌ઘાટન પ્રસંગે જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ જણાવ્યું કે, રાજ્યના મુખ્યમંત્રીશ્રીઓને વિવિધ ભેટ-સોગાદોમાં મળેલ અને તોશાખાનામાં જમાં કરાવેલ ચીજવસ્તુઓનું પ્રદર્શન-વેચાણ દર બે વર્ષે યોજવામાં આવે છે. આ વર્ષે ૨૦૨૦થી ૨૦૨૨ સુધી રાજ્યના મુખ્યમંત્રીશ્રીને મળેલ ભેટ-સોગાદોનું પ્રદર્શન યોજવામાં આવ્યું છે.

નાણાં વિભાગમાંથી નક્કી કરવામાં આવેલી અપ સેટ પ્રાઈઝના આધારે વસ્તુઓનું વેચાણ કરવામાં આવશે. તા.૨૦/૦૧/૨૦૨૪ સુધી યોજાનાર પ્રદર્શન કમ વેચાણ કાર્યક્રમમાં અંદાજિત ૨૫ લાખની કિંમતની ૮૫૦ જેટલી વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ હાથ ધરવામાં આવનાર છે, એમ તેમણે ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, દેશના વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાના કાર્યકાળ દરમિયાન તેમને વિવિધ કાર્યક્રમો કે પ્રવાસ દરમિયાન મળતી ભેટ સોગાદોને તોશાખાનામાં જમા કરાવીને તેના પ્રદર્શન અને





વેચાણમાંથી થતી આવકનો વિવિધ લોકહિત અને જનકલ્યાણનાં કાર્યોમાં ઉપયોગ કરવાની ઉમદા પ રંપરાનો પ્રારંભ કરાવ્યો હતો. તેમની આ પહેલને હાલમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ સુપેરે આગળ ધપાવી છે.

મુખ્યમંત્રીશ્રીને ભેટસોગાદોમાં મળેલ અને તોશાખાનામાં જમા કરાવેલ ચીજવસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ અમદાવાદના ગોતા ખાતે સિટી ડે.કલેકટર(પશ્ચિમ)ની કચેરી ખાતે કચેરી સમય દરમિયાન રાખવામાં આવ્યું છે. દેશના વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાના કાર્યકાળ દરમિયાન તેમને વિવિધ કાર્યક્રમો કે પ્રવાસ દરમિયાન મળતી ભેટ સોગાદોને તોશાખાનામાં જમા કરાવીને તેના પ્રદર્શન અને વેચાણમાંથી થતી આવકનો વિવિધ લોકહિત અને જનકલ્યાણનાં કાર્યોમાં ઉપયોગ કરવાની ઉમદા પ રંપરાનો પ્રારંભ કરાવ્યો હતો. તેમની આ પહેલને હાલમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ સુપેરે આગળ ધપાવી છે.

મુખ્યમંત્રીશ્રીને ભેટસોગાદોમાં મળેલ અને તોશાખાનામાં જમા કરાવેલ ચીજવસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ અમદાવાદના ગોતા ખાતે સિટી ડે.કલેકટર(પશ્ચિમ)ની કચેરી ખાતે કચેરી સમય દરમિયાન રાખવામાં આવ્યું છે.

### વર્ષોથી અમેરિકા સ્થાયી થયેલા છે

# અમેરિકામાં ઉછરેલા ભાઈ બહેન જૈન સમાજના દીક્ષાર્થી માર્ગ અપનાવ્યો

## વડોદરામાં જૈન સંઘના દીક્ષાર્થીઓનો વર્ષીદાનનો વરઘોડો પંન્યાસ આગમચંદ્રસાગર મહારાજની નિશ્રામાં નીકળ્યો વર્ષોથી અમેરિકામાં રહેતા જૈન પરિવારના બાળકો સંયમના માર્ગે



। (એજન્સી) વડોદરા, તા.૧૮ ।

જૈન સમાજમા દીક્ષા લેવાનું અનેરું મહત્વ છે. કરોડોની સંપત્તિ ત્યજીને સંયમના માર્ગે નીકળી પડેલા અનેક ઉદાહરણો છે. જૈન સમાજમાં એવા પણ ઉદાહરણો જોવા મળ્યા છે, જેમાં કરોડોની સંપત્તિ ધરાવતા આખેઆખા પરિવારો દીક્ષા લે છે અને સંયમના માર્ગે નીકળી પડે છે. ત્યારે વર્ષોથી અમેરિકામાં સ્થાયી થયેલા પરિવારના દીકરી અને દીકરી દીક્ષા લેવા જઈ રહ્યાં છે.

અમેરિકામાં ઉછરેલા ભાઈ બહેને જૈન સમાજના દીક્ષાર્થી બનીને સંયમનો માર્ગ અપનાવ્યો છે. ગત રોજ વડોદરામાં અલકાપુરી જૈન સંઘના દીક્ષાર્થીઓનો વર્ષીદાનનો વરઘોડો પંન્યાસ આગમચંન્દ્રસાગર મહારાજની નિશ્રામાં નીકળ્યો હતો. જૈન સમાજમાં દીક્ષાનું અનેરું મહત્વ હોય છે. જેમાં લોકો સાંસારિક મોહમાયા ત્યજીને સંયમનો માર્ગ અપનાવતા હોય છે. જેમાં લોકો પોતાની ધન, દૌલત બધુ જ પાછળ છોડીને સંયમના માર્ગે નીકળી જતા હોય છે. જૈન સમાજની આ વિધિ એક કઠિન પરીક્ષા છે. પરંતુ બધાની દીક્ષા મળતી નથી. જૈન સમાજની ભગવતી દીક્ષા ખૂબ કઠિન માનવામાં આવે છે. તેમાં સત્ય, અહિંસા, અપરિગ્રહ બ્રહ્મચર્ય અને ઔચર્ય જેવા પાંચ મહાવ્રતનું પાલન કરવું પડે છે. સંસારના બધા જ મોહ ત્યજી દીક્ષાર્થીઓ ધન મિલકતનું દાન કર્યા પછી સમગ્ર જીવન પોતાની પાસે કોઈ પણ પ્રકારની ધન મિલકત રાખતા નથી. સંધ્યા બાદ આ જૈન સાધી સાધ્વીઓ ભોજન અને પાણી ગ્રહણ કરતા નથી તો બપોરે પણ ભોજન માટે ઘરોઘર ગોચરી લેવા જવું પડે છે. તો સાથે જ સમગ્ર જીવન વિદ્યુત ઉપકરણોનો ઉપયોગ કર્યા વિના માત્ર સ્વાધ્યાય, સેવા અને વૈયાવચ દ્વારા જીવન નિર્વાહ કરવું પડે છે.

જૈન ભાગવતી દીક્ષા અંગીકાર કરવા પહેલા અનેક પ્રસંગો યોજાતા હોય છે. દીક્ષાર્થીઓ માટે માળા મુહૂર્ત, સ્વસ્તિક વિધિ યોજાયા બાદ તેમના સંપૂર્ણ ધન મિલકતનું દાન કરવા વર્શિદાન યોજવામાં આવે છે. પહેલાના સમયમાં દીક્ષાર્થીઓ જાહેર માર્ગ પર પોતાની પાસે રહેલી બધું ધન લોકોને દાન કરતા હતા જો કે હવે મોટાભાગે લોકો દીક્ષા સ્થળ પર હાજર લોકોને એક બાદ એક દાન આપતા હોય છે. આ દાન આર્થિક રૂપે નહીં પરંતુ આધ્યાત્મિક રીતે ખૂબ મહત્વ ધરાવે છે અને લોકો મુમુક્ષુ આત્માઓના આશીર્વાદ રૂપ તેને સ્વીકાર કરે છે. વર્શિદાન બાદ તેમનો ભવ્ય વિદાય કાર્યક્રમ યોજવામાં આવે છે જે તેમના જીવનના આ મોટા બદલાવ માટે ખૂબ મહત્વ ધરાવે છે. વિદાય બાદ દીક્ષાર્થીઓ પોતાનું વેશ પરિવર્તન કરી રંગબેરંગી કપડાં મૂકી સાધુઓના સફેદ વસ્ત્ર ધારણ કરી પોતાના શરીરના વાળનું પણ ત્યાગ આપે છે. તો ગુરુ ભગવંતો દ્વારા દીક્ષાર્થીઓને પાઠ ભણાવ્યાના એક સપ્તાહ બાદ તેમની વડી દીક્ષા યોજાય છે જેમાં શાસ્ત્રોક્ત વિધિ થકી તેમને પૂર્ણરૂપે સાધુ માનવામાં આવે છે.

### આયુષ્માન ભારત યોજનાથી મફત સારવાર થાય છે

# સરકારે આયુષ્માન ભારત યોજના હેઠળ સારવારની યાદીમાંથી ૧૯૬ રોગને હટાવ્યા

## આ રોગોની સારવાર સરકારી હોસ્પિટલોમાં લેવી પડશે




। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

લોકો સ્વાસ્થ્ય પ્રત્યે ધ્યાન આપે તે માટે સરકારે આયુષ્માન ભારત યોજના શરૂ કરી છે. ૨૦૧૮ માં શરૂ થયેલી આ અદ્ભુત યોજના હેઠળ, અનેક રોગોની મફતમાં સારવાર કરવામાં આવે છે. આ કાર્ડધારકોમાં બાળકોથી લઈને વડીલો સુધીના દરેકને ૫ લાખ રૂપિયા સુધીના સ્વાસ્થ્ય વીમા લાભો મેળવવાની તક મળે છે. સરકારે તાજેતરમાં એક યાદી બહાર પાડી છે. આ લિસ્ટમાં તેમણે જણાવ્યું છે કે આયુષ્માન ભારત યોજના હેઠળ કઈ બીમારીઓ આવરી લેવામાં નથી આવતી તે જાણીએ. આયુષ્માન ભારત યોજનામાં મોટા ફેરફારો સાથે, હવે આ યોજના હેઠળ ૧૭૬૦ રોગોની સારવાર થતી. પરંતુ નવા નિર્ણય સાથે સરકારે આમાંથી મેલેરિયા, મોતિયા, સર્જિકલ ડિલિવરી, નસબંધી અને ગેંગરીન જેવા ૧૯૬ રોગોને આ લીસ્ટમાંથી હટાવી દીધા છે. જેની લોકો પર ઊંડી અસર પડી છે. મતલબ કે હવે લોકોને આ રોગોની સારવાર સરકારી હોસ્પિટલોમાં જ લેવી પડશે, જેના કારણે ઘણા લોકોની પ્રાથમિકતા વધી ગઈ છે.

પહેલા ઘણા લોકો ખાનગી હોસ્પિટલોમાં જતા હતા કારણ કે ત્યાં સુવિધાઓ વધુ હતી, પરંતુ આ નિર્ણયથી તેમને સરકારી હોસ્પિટલો તરફ વળવાની ફરજ પડી રહી છે. આર્થિક રીતે નબળા અને ગરીબ નાગરિકો માટે બનેલી આ યોજના ખૂબ જ મહત્વપૂર્ણ છે. પીએમજેએવાયયોજના ચલાવતા રાજ્યોમાં, તેનો લાભ મેળવનાર લોકોની પસંદગી પ્રક્રિયા એસઈસીસી ૨૦૧૧ના આધારે કરવામાં આવે છે. તમે ઓનલાઈન ચેક કરી શકો છો કે તમે આ યોજનાના લાભાર્થી છો કે નહીં. યોજના માટે પાત્રતા કેમ ચકાસવી? તમારે નજીકના અટલ સેવા કેન્દ્ર અથવા જન સેવા કેન્દ્રની મુલાકાત લેવી પડશે, અથવા તમે પીએમજેએવાયની https://pmjay.gov.in/ સત્તાવાર વેબસાઈટની મુલાકાત લઈ શકો છો, ત્યાં તમારે 'એમ આઈ એલિજિબલ' વિકલ્પ પસંદ કરવાનો રહેશે. ત્યારબાદ, તમારે તમારો મોબાઈલ નંબર નાખવાનો રહેશે અને ઓટીપીજનરેટ કરવો પડશે. હવે, તમે તમારું રાજ્ય, નામ, ફોન નંબર અને રેશન કાર્ડ નંબર એન્ટર કરીને તમારી યોજના માટેની પાત્રતા ચકાસી શકો છો.

### ૨૨ જાન્યુઆરીએ રામ મદિંરની પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવ

# રામલલાના અભિષેક સમારોહને કારણે અયોધ્યામાં ભક્તોનો ખૂબ જ ધસારો

। (એજન્સી) અયોધ્યા, તા.૧૮ ।

જો તમે ૨૨ જાન્યુઆરીની આસપાસ અયોધ્યા જવાનું વિચારી રહ્યા છો તો થોડી ધીરજ રાખો કેમકે હાલમાં ત્યાં તમારે વધારે રૂપિયા ખર્ચવા પડી શકે છે. રામ મંદિરમાં રામલલાના અભિષેક સમારોહને કારણે અયોધ્યામાં ભક્તોનો ધસારો છે. સુરક્ષાને કારણે ઘણા મંદિરોમાં પ્રવેશવા માટે લાંબી રાહ જોવી પડે છે. સામાન્ય બજેટ હોટલોમાં રહેવાની સગવડ ઉપલબ્ધ નથી. જો રૂમ ઉપલબ્ધ હોય તો પણ મોં માંગ્યા રૂપિયા આપવા પડી શકે છે. રામ મંદિરનું નિર્માણ શરૂ થયા બાદ અયોધ્યામાં હોટલોની સંખ્યા વધી છે પરંતુ રામભક્તોની વધતી સંખ્યા સામે રૂમો ઓછા પડી રહ્યા છે. હાલમાં સ્થિતિ એવી છે કે છેલ્લી ટુરિસ્ટ સીઝન સુધી લગ્ન સમારોહનું બુકિંગ કરાયેલા મેરેજ હોલમાં પથારી ગોઠવીને લોકોને બેસાડવામાં આવી રહ્યા છે. એટલે કે ૨૧ અને ૨૨ તારીખે બુકિંગ માટેનો ભાવ સૌથી વધુ છે. આ દિવસે ૮૦૦ રૂપિયાની કિંમતના રૂમની માંગ ૧૨,૦૦૦ રૂપિયા સુધી છે. દેશભરમાંથી લોકો રામ પ્રત્યેની શ્રદ્ધા અને સમર્પણ વ્યક્ત કરવા અયોધ્યા આવી રહ્યા છે. દરેક વ્યક્તિ એક વાર તો અયોધ્યા આવવા માંગે છે. આવી સ્થિતિમાં અહીંનો હોટેલ ઉદ્યોગ સૌથી વધુ કમાણી કરે છે. તમને જણાવી દઈએ કે હોટેલ ઈન્ડસ્ટ્રી હાલમાં અહીં પોતાનો પગપેસારો કરી રહી છે.

મંદિરના નિર્માણ પહેલા કોઈએ વિચાર્યું ન હતું કે આટલી મોટી સંખ્યામાં લોકો અયોધ્યા આવશે. સ્થાનિક લોકોનું કહેવું છે કે બે વર્ષ પહેલા સુધી અયોધ્યાનો હોટેલ ઉદ્યોગ લગભગ મૃતપાય થઈ ગયો હતો.

હવે અહીંની હોટલોમાં રહેવાની સગવડ નથી. લોકો પહેલાથી જ ફેબ્રુઆરી અને માર્ચ માટે બુકિંગ કરાવી રહ્યા છે. મોટાભાગની હોટલો અને ગેસ્ટ હાઉસ હજુ પણ રહેણાંક બિલ્ડિંગોમાં છે. તેમાં ખાવા-પીવાની કોઈ સગવડ નથી. ચા, નાસ્તો અને ભોજન માટે તમારે નજીકની દુકાનોમાં જવું પડશે. ૧૦ રૂપિયાની ચા માટે પણ તમારે ૪૦ રૂપિયા ચૂકવવા પડી શકે છે.

### વીકેન્ડ પર ૫ કલાક ટીવી જુએ છે ભારતીયો

# ૯૭ ટકા ભારતીયો રાત્રિ ભોજન કરતી વખતે ટીવી જોતા હોય છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ભારતમાં આજના સમયમાં ટીવી પર ઓટીટી એપ્સ જોવાનું ખુબ પસંદ કરવામાં આવી રહ્યું છે. ભારતમાં ટીવી જોવાના ટ્રેન્ડ્સને લઈને ઘણા રસપ્રદ ખુલાસા થયા છે. આ ખુલાસા નીલ્સનઆઈક્યૂ અને એમેઝોનના સર્વેમાં કરવામાં આવ્યાં છે, જેમાં ટીવી જોવાને લઈને ઘણી રસપ્રદ જાણકારી સામે આવી છે. રિપોર્ટનું માનીએ તો ૭૮ ટકા લોકો પ્રમાણે સ્માર્ટફોન, ટેબલેટ અને લેપટોપની તુલનામાં સ્ટ્રીમિંગ સ્ટિક, સ્માર્ટ ટીવી અને સેટ-અપ બોક્સથી ટીવી પર ઓનલાઈન કન્ટેન્ટ સ્ટ્રીમિંગ કરવાનું પસંદ કરે છે. સર્વે રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો કે આશરે ૬૬ ટકા લોકો દર વીકેન્ડ પર આશરે ૫ કલાક ટીવી પર કન્ટેન્ટ જુએ છે, જે વીક ડેઝમાં ઘટીને ૩ કલાકથી ઓછુ થઈ જાય છે. તો આસરે ૯૭ ટકા લોકો રાત્રે ભોજન સમયે પરિવારની સાથે બેસી ટીવી જોવાનું પસંદ કરે છે. ભારતમાં કોમેડી સૌથી વધુ જોવાતું કન્ટેન્ટ છે.



ત્યારબાદ સ્પોર્ટ, થ્રિલર, રોમાન્સ, હોરર અને ઈન્ટરનેશનલ શોનો નંબર આવે છે. ટીવી પર સ્ટ્રીમિંગના સમયે સૌથી વધુ યૂઝર્સને લેગ ફ્રી સ્ટ્રીમિંગની ડિમાન્ડ રહે છે. ત્યારબાદ ઓટીટી એપની સિરીઝ અને પછી વોઈસ અસિસ્ટેન્ટ, ડીટીએચ ચેનલ પસંદ કરવામાં આવે છે. ભારતીય મોટી સ્ક્રીન પર ઓટીટી કન્ટેન્ટ જોવાનું વધુ પસંદ કરે છે. આ કારણ છે કે ફાયર ટીવી સ્ટિકની ડિમાન્ડ વધુ છે, જે નોર્મલ ટીવીને સ્માર્ટ બનાવી દે છે.

### મોતનો લાઈવ વીડિયો વાયરલ થયો

# સાપની જેમ વાંકી-ચુકી બાઈક ચલાવતા કાર સાથે અથડાયો



। (એજન્સી) વડોદરા, તા.૧૮ ।

સ્ટંટ કરનારા લોકોએ ખરેખર ચેતવાની જરૂર છે. રાજ્યમાં અનેક ગમખ્વાર અકસ્માતોની ઘટનાઓ સામે આવતી હોય છે, છતાં રોડ પર સ્ટંટ કરનારા લોકો જોવા મળતા હોય છે. જે ખરેખર જીવલેણ સાબિત થઈ શકે છે. વડોદરામાં આવી જ એક અકસ્માતની ઘટના સામે આવી છે. આ ગમખ્વાર અકસ્માતનો વીડિયો પણ વાયરલ થયો છે.

ગફલત રીતે બાઈક હંકારતા સામેથી આવતી કાર સાથે ટક્કર થઈ હતી, જ્યારે આ અકસ્માતમાં બાઈક ચાલકનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. વડોદરામાં ગમખ્વાર અકસ્માતનો વીડિયો વાયરલ થયો છે. ગઈકાલે પોર નજીક ફાજલપુરમાં અકસ્માત થયો હતો. યુવક રોડ પર સર્પાકાર બાઈક ચલાવતો હતો.

ગફલત રીતે બાઈક હંકારતા સામેથી આવતી કાર સાથે ટક્કર થઈ હતી. અકસ્માતમાં બાઈક ચાલકનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. બાઈકની પાછળ આવતા અન્ય વાહને દ્રશ્યોને કેમેરામાં કેદ કર્યા હતા. વડોદરામાં પોર નજીક ફાજલપુર પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો.

ગતકાલે અકસ્માતમાં બાઈક સવારનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. અકસ્માતની સમગ્ર ઘટનાનો લાઈવ વીડિયો સામે આવ્યો છે. બાઈક ચાલક રોડ પર સાપની જેમ બાઈક ચલાવતો કેમેરામાં કેદ થયો હતો. ગફલત ભરી બાઈક હંકારતા અલ્ટો કાર સાથે બાઈક ચાલક ધડાકાભેર અથડાયો હતો. અકસ્માતમાં બાઈક ચાલકનું ઘટના સ્થળે જ મોત થયું હતું.

### યુએસએ હુથી બળવાખોરોના ઠેકાણાને નિશાન બનાવ્યા

# અમેરિકાની સેનાએ હુથી બળવાખોરોના ઠેકાણાની બેલેસ્ટિક મિસાઈલોને નષ્ટ કરી નાખી

## હુથી બળવાખોરો પાસે તેમના દ્વારા કરવામાં આવતા હુમલાઓને રોકવાનો આ યોગ્ય સમય : જહોન કિર્બી






। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૮ ।

અમેરિકી સેનાએ હુથી બળવાખોરોના ઠેકાણોને નિશાન બનાવ્યા છે. એક સ્થાનિક સમાચાર એજન્સી મળતા સમાચાર મુજબ અમેરિકી સેનાએ મંગળવારે યમનમાં સ્થિત હુથી બળવાખોરોના ઠેકાણાઓ પર હુમલો કર્યો છે. આ અંગે વ્હાઈટ હાઉસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે અમેરિકી સેનાએ બેલેસ્ટિક મિસાઈલોને નષ્ટ કરી નાખી છે જેનો ઉપયોગ હુથી બળવાખોરો કરવાના હતા.

આ હુમલા અંગેની વિગત આપતા વ્હાઈટ હાઉસના પ્રવક્તા જહોન કિર્બીએ કહ્યું હતું કે હુથી બળવાખોરો પાસે નિર્ણય કરવા માટે એક વિકલ્પ છે અને તેમની પાસે તેમના દ્વારા કરવામાં આવતા હુમલાઓને રોકવાનો આ યોગ્ય સમય છે. આ અગાઉ પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોએ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે ફ્રાન્સે અમેરિકન આગેવાની હેઠળના હુમલામાં ભાગ લીધો નથી કારણ કે તે ક્ષેત્રિય તણાવને ટાળવા માંગે છે. સૂત્રો દ્વારા અમેરિકન અધિકારીઓને ટાંકીને એક અહેવાલમાં જણાવ્યું હતું કે અમેરિકી સેનાએ હુથી બળવાખોરોની ચાર એન્ટી શિપ મિસાઈલો પર હુમલો કર્યો છે. ઉલ્લેખનીય છે કે અગાઉ, હુથી બળવાખોરોએ રાતા સાગરમાં ગ્રીક માલિકીના જહાજ પર હુમલો કર્યો હતો.

હુથી બળવાખોરો કહે છે કે તેઓ પેલેસ્ટિનિયનો સાથે એકજૂથમાં કામ કરી રહ્યા છે. નોંધનીય છે કે ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધની શરૂઆતથી જ હુથી બળવાખોરોએ રાતા સાગરમાં જહાજો પર હુમલો કરવાનું શરૂ કરી દીધું હતું.

આ અગાઉ એવી પણ માહિતી સામે આવી હતી કે અમેરિકા હુથી બળવાખોરોને વૈશ્વિક આતંકવાદી તરીકે સૂચિબદ્ધ કરવાની તૈયારી કરી રહ્યું છે. બાયડેન પ્રશાસન ટૂંક સમયમાં હુથી બળવાખોરોને વૈશ્વિક આતંકવાદીઓ તરીકે જાહેર કરવાનું એલાન કરી શકે છે.

### સરકારી વીમા કંપની એલઆઈસીના શેરોમાં તેજી

# સ્ટેટ બેંકને પછાડીને એલઆઈસી સૌથી મોટી લિસ્ટેડ સરકારી કંપની

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

સરકારી વીમા કંપની એલઆઈસીના શેરોમાં છેલ્લા કેટલાક દિવસોથી શાનદાર તેજી જોવા મળી રહી છે. આજે જ્યારે બજારમાં ચોતરફી વેચવાલી જોવા મળી રહી હતી ત્યાં એલઆઈસીના શેર ગ્રીન ઝોનમાં હતા. આ તેજીના જોરે એલઆઈસી હવે શેરબજારમાં લિસ્ટેડ સૌથી મોટી સરકારી કંપની બની ગઈ છે. ભારતીય જીવન વીમા નિગમે સૌથી મોટી સરકારી બેંક એસબીઆઈને પણ પછાડી નંબર ૧ પર કબજો જમાવી લીધો છે.

બુધવારે વેપારમાં સેન્સેક્સ અને નિફ્ટી બંનેમાં કડાકાની સ્થિતિ જોવા મળી હતી. જ્યારે એલઆઈસીનો શેર ૧.૨૫ ટકાની તેજી સાથે ૯૦૩ રૂપિયા પર પહોંચી ગયો હતો. વેપારની શરૂઆતમાં જ આ શેર ૯૧૮.૪૫ રૂપિયાના નવા સર્વોચ્ચ સ્તરે ઓપન થયો હતો. આ એલઆઈસીના શેરનો નવો ૫૨ વીક હાઈ લેવલ છે. એલઆઈસીના શેરોમાં છેલ્લા પાંચ દિવસમાં સાડા સાત ટકાની તેજી આવી છે. જ્યારે એક મહિનામાં સરકારી શેર ૧૩ ટકાની ઉપર ઉછળ્યાં હતા. ૬ મહિનાના હિસાબે શેર ૪૫ ટકાથી વધુ ફાયદામાં છે. શેરોમાં આવેલી શાનદાર રેલીના જોરે એલઆઈસીની માર્કેટ કેપમાં પણ જોરદાર તેજી આવી છે. હાલ એલઆઈસીનું માર્કેટ કેપ ૫.૭૦ લાખ કરોડ રૂપિયાથી વધી ગયું છે. બીજી બાજુ સૌથી મોટી સરકારી બેંક એસબીઆઈના શેરોમાં આજે ઘટાડો નોંધાયો હતો. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના શેર બપોરે આશરે ૨ ટકાના કડાક સાથે ૬૨૫ રૂપિયાની આજુબાજુ ટ્રેડ થઈ રહ્યા હતા. આ એસબીઆઈના ૫૨ વીક હાઈ લેવલ ૬૬૦.૪૦ રૂપિયાથી નીચે છે. તેના લીધે એસબીઆઈનું માર્કેટ કેપ ઘટીને ૫.૫૮ લાખ રૂપિયાએ પહોંચી ગયું. જેનાથી એસબીઆઈને પાછળ કરી એલઆઈસી હવે સૌથી વધુ વેલ્યૂ ધરાવતી સરકારી કંપની બની ગઈ છે.

## તંત્રી લેખ...

# 'અટલ સેતુ' મોટા ભૂકંપના આંચકાને પણ સહન કરી શકશે

ભારતે સમુદ્ર પર દેશનો સૌથી લાંબો પુલ શરૂ કર્યો છે. હવે આ બ્રિજની મદદથી નવી મુંબઈથી મુંબઈનું અંતર માત્ર ૨૦ મિનિટમાં કાપી શકાય છે. શું તમે જાણો છો કે આ બ્રિજમાં કઈ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે તેને અન્ય બ્રિજથી અલગ બનાવે છે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મુંબઈમાં 'અટલ બિહારી વાજપેયી સેવારી-ન્હાવા શેવા અટલ સેતુ'નું ઉદ્‌ઘાટન કર્યું હતું. પીએમ મોદીએ ડિસેમ્બર ૨૦૧૬માં આ પુલનો શિલાન્યાસ કર્યો હતો. આ પુલની લંબાઈ ૨૧.૮ કિલોમીટર છે અને તે ૬ લેનનો પુલ છે. આ બ્રિજની લાઈટિંગ સિસ્ટમ માટે લો એનર્જી એલઈડી લાઈટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ લાઈટો નજીકમાં હાજર દરિયાઈ જીવોને ખલેલ પહોંચાડશે નહીં. તેજસ્વી લાઈટને કારણે ઘણા પ્રાણીઓ ઘણીવાર સમસ્યાઓનો સામનો કરે છે. આ બ્રિજમાં ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શનની આધુનિક સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ટેક્નોલોજી વાહનોને રોક્યા વગર આપોઆપ ટોલ વસૂલવામાં સક્ષમ છે. ભારતના સૌથી લાંબા અને વિશ્વના ૧૨મા સૌથી લાંબા પુલનું ઉદ્‌ઘાટન સ્વાગતયોગ્ય છે. વડાપ્રધાન મોદી દ્વારા આ મુંબઈ ટ્રાન્સ હાર્બર લિંકનું ઉદ્‌ઘાટન થયું છે અને ત્યારબાદ મુંબઈ અને નવી મુંબઈ વચ્ચેનું અંતર ઘણું ઘટી ગયું છે. દેખીતું છે કે આ ભારતમાં સમુદ્ર પર બનેલ સૌથી લાંબો પુલ પણ છે, જેનું નામ પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના નામે 'અટલ સેતુ' રાખવામાં આવ્યું છે. આ પુલ પોલાદથી બનતા નિર્માણોમાં એક ઉદાહરણરૂપ છે, જેમાં એફિલ ટાવર કરતાં ૧૭ ગણું વધારે પોલાદ વપરાયું છે. મતલબ, હાવડા બ્રિજથી ચાર ગણું વધારે. ૧૭,૮૪૦ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરીને બનેલ ભવ્ય અટલ સેતુ લગભગ ૨૧.૮ કિલોમીટર લાંબો છે, જેના પર ૬ લેન છે. એટલે મોટી સંખ્યામાં ગાડીઓ પસાર થઈ શકશે. આ સેતુ દેશની વ્યાવસાયિક રાજધાની મુંબઈની સુંદરતા-ભવ્યતામાં સામેલ થઈ ગયો છે. પુલથી પ્રતિદિન ૭૦,૦૦૦ વાહનો પસાર થશે. એનાથી મુંબઈને જે રાહત મળશે, તેનો અંદાજો સહજ રીતે લગાવી શકાય છે. ગાંધી સેતુની તુલનામાં અટલ સેતુ સાડા ત્રણ ગણાથી પણ વધારે લાંબો છે. દેશના દસ સૌથી લાંબા પુલોમાંથી સૌથી વધુ ચાર બિહારમાં છે, ચારેય ગંગા નદી પર બનેલા છે. જોકે પાંચ વર્ષ પહેલાં તૈયાર મુંબઈનો બાંદ્રા-વર્લી સી લિંક પણ દેશની વ્યાવસાયિક રાજધાનીની તાકાત બનેલો છે. વધતા ટ્રાફિક દબાણને જોતાં આવા નાના-મોટા અનેક પુલોની જરૂર દેશનાં શહેરોમાં છે. જે શહેરોમાંથી નદીઓ વહે છે, તેમાં તો પુલ બહુ જરૂરી છે. જેમ કે રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં ૭થી વધુ પુલો છતાં પણ જામની સ્થિતિ રહે છે. જેનાથી ૧૨ કલાકમાં યાત્રા પૂરી થઈ શકશે. ઉત્તર પ્રદેશની વાત કરીએ તો દિલ્હીથી જૌનપુર સુધી ત્રણ-ત્રણ એક્સપ્રેસવે છે અને ગંગા એક્સપ્રેસ વે તૈયાર થઈ રહ્યો છે.

## શું ખરેખર વૈશ્વિક અર્થવ્યવસ્થામાં એઆઈથી નોકરીઓને ભવિષ્યમાં અછત થવાની સંભાવના છે




જે દોરમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) એટલે કે કૃત્રિમ બુદ્ધિમતા નવી સંભાવના રૂપે આપણી સામે છે, એ સમયે આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષની પ્રબંધ નિર્દેશક ક્રિસ્ટાલિના જોર્જીવાએ પોતાના બ્લોગમાં તેના ભવિષ્ય વિશે જે આકલન કર્યું છે, તે ઉત્સાહવર્ધક હોવાની સાથે ચિંતિત કરનારું પણ છે. તેમણે લખ્યું છે કે વૈશ્વિક અર્થવ્યવસ્થા પર કૃત્રિમ બુદ્ધિમતાની રૂપાંતરકારી અસર થવા જઈ રહી છે - તેના દ્વારા ઉત્પાદકતા, આર્થિક વિકાસ દર અને આવકમાં વૃદ્ધિ થઈ શકે છે. બીજી તરફ, દુનિયાભરમાં તેનાથી નોકરીઓ જવાનો અને અસમાનતા વધવાનો ખતરો પણ એટલો જ વધારે છે. તેમનું અનુમાન છે કે કૃત્રિમ બુદ્ધિમતાને કારણે દુનિયામાં ૪૦ ટકા નોકરીઓ પર ખતરો તોળાશે. તેમાં પણ વિકસિત ટેકનિક અને ઉચ્ચ કૌશલવાળી નોકરીઓ માટે ખતરો વધારે છે. આ આશંકા તો જોકે દેખાવા પણ લાગી છે. ગૂગલ, નેટફ્લિક્સ, એમેઝોન જેવી ટેકનિક કંપનીઓમાં છટણી લગાતાર ચાલુ જ છે. ક્રિસ્ટાલિના જોર્જીવાનું આકલન એ પણ છે કે વિકસિત અર્થવ્યવસ્થાઓને એઆઈથી વધારે ખતરો છે અને ત્યાં ૬૦ ટકા નોકરીઓ જવાની આશંકા છે. જોકે એઆઈથી લાભ ઉઠાવવાની સંભાવના પણ ત્યાં વધારે છે. બીજી તરફ ભારત જેવા વિકાસશીલ દેશોમાં એઆઈથી રોજગાર પર પડનારો ખતરો તુલનાત્મક રૂપે ઓછો છે. ઉભરતાં બજારો અને ઓછી આવકવાળા દેશોમાં ૨૬ થી ૪૦ ટકા નોકરીઓ જવાનું અનુમાન છે. પરંતુ ઉન્નત માળખું અને ઉચ્ચ કૌશલવાળા કર્મીઓના અભાવથી વિકાસશીલ દેશ એઆઈનો વધુમાં વધુ લાભ ઉઠાવી શકવામાં પણ વંચિત રહેવાના છે. એઆઈને કારણે અસમાનતા પણ કેટલાય સ્તરો પર વધવાની છે. જોર્જીવાનું આકલન છે અને તે સાચું આકલન છે કે આ અસમાનતા વિકસિત અને વિકાસશીલ અર્થવ્યવસ્થાઓ વચ્ચે, એઆઈ ટેકનિકથી સજ્જ અને તેનાથી અજાણ કર્મચારીઓ વચ્ચે તથા યુવા અને બુઝુર્ગ કર્મીઓ વચ્ચે વધવાની છે. જ્યાં સુધી ભારતની વાત છે તો ઈન્ફર્મેશન ટેક્નોલોજીના ક્ષેત્રમાં તે પોતાનો ડંકો વગાડી ચૂક્યું છે. એવી જ રીતે કમ્પ્યૂટર પ્રોગ્રામિંગ, પરિવહન અને મેડિકલ રિસર્ચ જેવા ક્ષેત્રોમાં એઆઈનો લગભગ લાભ પણ આપણે ત્યાં મળી રહ્યો છે. પરંતુ ડીપફેક ટેકનિકના દુરુપયોગનું ઉદાહરણ ચિંતિત કરે છે અને ચૂંટણીમાં તેના દુરુપયોગનું નુકસાન ક્યાંય વધુ મોટું આવી શકે છે. એઆઈથી મોં તો ન ફેરવી શકાય, એવામાં સમાધાન એ જ છે કે આ ક્ષેત્રની મોટી કંપનીઓ તેને વિકસિત કરે અને સરકાર તેમાં વિનિયામકની ભૂમિકા ભજવે. પરંતુ હાલમાં તો આ વાત બહુ દૂરની લાગે છે.

# શું "રામનામ સત્ય હૈં " નું સૂત્ર મૃત્યુ સમયે સમજાય છે કે પછી જીવનમાં પણ એનું કોઈ મૂલ્ય છે ખરું???



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં આપણે અયોધ્યામાં ૨૨ તારીખે રામ મંદિરમાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા થવાની છે, એ ઉત્સવ ને વધાવવા અથવા તો, પ્રભુ શ્રીરામ વિશે વધુને વધુ લોકો જાણે, અને એને અનુસરે તો રામરાજ્ય શક્ય બને. આ હેતુથી ચિંતનમાં રોજ ભગવાન શ્રીરામ વિશે, અથવા તો તે સમયની એટલે કે રામરાજ્યની અવધારણા કઈ કઈ હતી, એ વિશે વાત કરીએ છીએ. ચિંતનનો આ લેખ લગભગ આઠ છાપામાં પણ દૈનિક આવે છે, અને વલસાડ કેસરીના દેવર્ષિ ભાઈ વ્યાસનો પણ આગ્રહ રહ્યો કે બેન ૨૨ તારીખ સુધી આપણે ભગવાન રામના ચરિત્રને વધુને વધુ ઉજાગર કરીશું, કારણ કે અત્યારે તો આપણે ગાઈડરીયા પ્રવાહની જેમ એ તરફ દોડી રહ્યા છીએ, પણ એ ઘટના ઘટી જાય પછી એ ચરિત્ર ને ખંખેરી નાખવાનું નથી, અથવા તો અયોધ્યામાં મૂકીને આવવાનું નથી. આપણે એમનાં થોડાક ગુણો પણ કાયમ માટે ગ્રહણ કરવાના છે. રામરાજ્યની વાત સમાજ વાત હિતકર છે જ, પરંતુ આપણી પોતાની માટે પણ એ બહુ જરૂરી છે. દિવસે ને દિવસે પ્રાકૃતિક અસંતુલન વધતું જાય છે, સામાજિક વ્યવસ્થા ડામાડોળ થતી જાય છે, અને સૌના સ્વભાવ દિવસે ને દિવસે વિચિત્ર થતા જતા હોવાથી પારિવારિક સંતુલન પણ બગડી રહ્યું છે. આ ઉપરાંત દિવસે ને દિવસે વધતી જતી મોંઘવારી આહાર વિહાર માં કોઈ રોકટોક કે નિયમ ન હોવાથી આરોગ્ય પણ તકલાદી બનતું જાય છે, અને આવી પરિસ્થિતિમાં આપણું અસ્તિત્વ ટકાવી રાખવા કોઈ આદર્શ ચરિત્રના ગુણોને આત્મસાત કરીશું, તો આ બધા જ મોરચે થોડી થોડી રાહત પામી શકીશું, એ નિતાંત સત્ય છે, અને માટે આપણે માત્ર રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાના ઉત્સવ સુધી નહીં પણ રામના ચરિત્ર સુધી પહોંચવાનું છે. મારી જેમ બીજાના આ વિષય પર લેખ છાપાં ઓમા આવે છે, સોશિયલ મીડિયામાં પણ અત્યારે એ જ વાત ને લઈને ઓડિયો વીડિયો પોસ્ટ થાય છે , અન્ય ચેનલોમાં પણ ૨૨ તારીખના કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયા છે.

આમ લોકો સુધી પહોંચતું લગભગ દરેક માધ્યમ અત્યારે પ્રભુ શ્રી રામના ગુણગાન ગાય છે, તો કોઈ હજી પણ સંશોધન નાં નામે આ માત્ર એક દંતકથા છે, એવું પણ કહે છે, પણ આપણે એમાં જવું નથી. હમણાં ટીવી મિડિયા પણ આ બાબતે વિચાર્યું હોય એમ સોની ટીવી એ પણ કેબીસી ના સમયે જ શ્રીમદ્ રામાયણ નામની સિરિયલ શરૂ થઈ છે. તાવડી ગરમ હોય ત્યારે પોતાનો રોટલો શેકી લેવો! એવી પણ આમાંથી કોઈ માધ્યમની માનસિકતા હોય શકે, કારણકે લાભ અને સ્વાર્થ એ બે આજના સમાજના બે મુખ્ય પહેલું છે, ખેર છોડો! જે લોકો જોતાં હશે એમને ખ્યાલ હશે કે હમણાં જ અહલ્યાની કથા આવી, અને જ્યારે જડવત્ બની ગયેલ અહલ્યા પ્રભુ શ્રી રામની ચરણરજથી ચેતનવંત બને છે ત્યારે વિશ્વામિત્ર ઋષિ સાથે રહેલ ઋષિગણ રામનામ સત્ય હૈં! રામ નામ સત્ય હૈ! આમ નારો લગાવ્યો.ઘડીક આ સાંભળીને બહુ વિચિત્ર લાગે છે, કારણ કે આપણે ત્યાં રામનામ સત્ય હૈં! નો નારો કોઈપણ વ્યક્તિનાં મૃત્યુ પછી તેને જ્યારે અગ્નિ સંસ્કાર માટે લઈ જવામાં આવે છે ત્યારે જ બોલાય છે. પણ એ પાછળથી ગમ્યું કે આમ જ એ રામનામ મંત્રનો નારો, એટલે સુકર્મના પ્રતિસાદમાં સમાજમાં ગુંજતો રહે તો કંઈક હકારાત્મક પરિણામ મળે.

આજસુધીમા આપણા કેટલાય સ્વજન પરધામ પહોંચી ગયા પણ આપણો વસ્તુ, વૃત્તિ, કે વ્યક્તિ પ્રત્યેનો વૈરાગ્ય લાંબો ટકતો નથી, કારણકે કોઈપણ વ્યક્તિનું મૃત્યુ થાય, ત્યારબાદ તેનાં અંતિમ સંસ્કાર થાય છે, ત્યારે લોકો એને અગ્નિ સંસ્કાર માટે સ્મશાન સુધી મુકવા જાય છે,આમ તો મરનાર જીવની સદગતિ માટે રામનામ સત્ય હૈં ! એ મંત્ર ગાન કરતા હોઈએ છીએ! પણ હકીકતમાં એ સત્ય આપણાં માટે છે, અને એ આપણે સમજીએ પણ છીએ, કે અંતે તો એકદિવસ બધું છોડીને અહીંથી જવાનું છે, તો હજી! હજી! કે મારું! મારું! કર્યા વગર જે છે, એમાંથી અન્યને મદદ કરી જીવીએ અથવા બને એટલા બીજાને અનૂકૂળ બની જીવીએ ! પણ સ્મશાનમાંથી બહાર આવતાં જ આ શોક છૂટી જાય છે, હાં!જે કોઈનાં નિકટના સ્વજનનું મૃત્યુ થયું હોય એને એ કેમ છોડી ગયા અથવા તો શું આમ જ હું પણ જઈશ! એવો શોક રહે છે, પણ સમયની સાથોસાથ એ ગમ પણ ઘટતો જાય છે! અને મરનાર પાછળ આજસુધી કોઈ આ શોકમાં મર્યું નથી, એમ વળી જીવન શરૂ થાય છે, જેમાં એ રામનામ સત્ય હૈં! ની ગૂંજ ક્યાંય દબાઈ જાય છે, અને રામ ભૂલાઈ જતાં સત્ય ચૂકાઈ જાય છે, સત્ય ચૂકાઈ જાય, એટલે ધર્મનું આચરણ નથી થતું, અથવા ધર્મનું મહત્વ ઘટતું જાય છે, અને પછી આપણી સાથે કંઈક ઘટે તો સૌ કર્મનો સિદ્ધાંત છે, એમ કરીને બીવરાવે એટલે અંધશ્રદ્ધા શરૂ, અને લગભગ બધા જ ધર્મો અત્યારે સાધકને બીવડાવવાનું કામ કરે છે! એટલે જ તો આજની પેઢીના યુવાનો બધા ધર્મથી દૂર ભાગે છે. અથવા તો આપણા જ ધર્મ પર ન કરવાં જેવાં તર્ક કરે છે! અન્ય ધર્મમાં વગર વિચાર્યે જોતરાઈ જાય છે, અને એથી વધુ એને જ મહાન સમજી એનો પ્રચાર કરે છે.

હકીકતમાં ધર્મ એ પ્રચારનો નહીં પણ એક દિલથી બીજા દિલ સુધી પ્રસારનો વિષય છે, અને એ પણ આપણી કરણી થકી. તો શ્રી રામ કોણ હતા! બ્રહ્મ કે દશરથ નંદન! એ તર્કમાં અટવાયા વગર, જીવન છે ત્યારે જ "રામનામ સત્ય હૈં" ના સાર ને પકડીશું, તો મૃત્યુ નામે જે શાશ્વત સત્ય છે એને સ્વીકારી શકાશે! અને તો જ સમય રહેતા વસ્તુ વૃત્તિ અને વ્યક્તિ તરફ વૈરાગ્ય આવશે! તોજ ઉચ્ચ વિચારો થી બનેલી સંસ્કૃતિનું મુલ્ય સમજાશે અને તોજ માતાપિતા એ આપેલા સંસ્કારમાં વિશ્વાસ બેસશે, એમના સૂચન અનુસાર જીવવું જોઈએ એવી શ્રદ્ધા જન્મશે! બસ આમ વિશ્વાસ એટલે શંકર અને શ્રદ્ધા એટલે પાર્વતી, આ બેય તત્વતઃ આપણાં જીવનમાં પ્રવેશે પછી તો રામ નામે આરામ, વિરામ, વિશ્રામ, અને અભિરામ આવશે, જે જીવનમાં ખરેખર સાચી શાંતિનો અનુભવ કરાવશે. હમણાં હમણાં દરેક ગૃપમાં લગભગ બધા જ શ્રીરામ વિશે જ કોઈ ને કોઈ વાત મુકતા હોય છે, અને એમાંથી પછી વિવાદ ઉભો થાય છે! એટલે પ્રત્યુતરમાં લખ્યું કે, રામને ઈશ્વર માનીએ, સત્ય માનીએ, ધર્મ માનીએ, કે પછી એક માનવ માનીએ, એનાં ચરિત્ર અથવા તો ચાલો જીવનયાત્રા માંથી જો કંઈ તારવવુ હોય, તો એ એટલું જ છે કે સુધારવા કરતાં સુધરવું અને સ્વીકારવું, એ વધુ ઝડપી ફળદાયી છે, પણ આપણે તત્વતઃ બોધ પકડી શકતા નથી, અને એ કોણ છે? ત્યાં જ લટકી રહ્યા છીએ. આપણું મન એને જે સ્વરૂપે સ્વીકારી શકે એ સ્વરૂપે એને જોઈએ, અને બાકી એણે કંઇ જીદ નથી કરી કે મને ઈશ્વર સમજો, આરતી કરો, પૂજા કરો! વગેરે. અંતમાં રામ નામે સંવાદ સાધી શકાય તો ઠીક છે , બાકી શ્રી રામ એ વિવાદનું પાત્ર તો નથી જ! બસ ખોટાં કોઈ તર્કમાં ગયા વગર આ ક્ષણે રામરાજ્યની શરૂઆત જરૂર થશે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# મનુષ્યને થોડી સંપત્તિ અને અધિકાર મળે એટલે મર્યાદાને ભૂલી જાય છે,પણ રામજીની મર્યાદાનું પાલન કરો, રામના જેવું તમારું વર્તન રાખો



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા



બાવીસમી જાન્યુઆરીએ અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા થવા જઈ રહી છે ત્યારે ચારે તરફ અનોખો માહોલ છવાયો છે. જનજીવન રામ નામ મય બની ગયું છે. ખરેખર રામ હૃદય સમ્રાટ છે. આજે દરેક હૃદયમાં તરોતાજા દેખાય છે. શ્રી મદ ભગવદ્ ગીતામાં કહયું છે કે તમે કોઈપણ સંપ્રદાયમાં માનો,પણ જ્યાં સુધી રામજીની મર્યાદાનું પાલન નહીં કરો ત્યાં સુધી આનંદ મળતો નથી. રામજીની મર્યાદાનું પાલન એટલે રામજીના જેવું વર્તન રાખો.ભાગવતની કથા સાંભળનાર વક્તા-શ્રોતા રામજીની મર્યાદામાં રહે. મનુષ્યને થોડી સંપત્તિ- અધિકાર મળે એટલે મર્યાદાને ભૂલી જાય છે, પણ રામજીની મર્યાદાનું પાલન કરો, રામના જેવું તમારું વર્તન રાખો, રામજીની મર્યાદા આપણી મર્યાદા બની શકે એ એનું મહત્ત્વ છે. રામજીનું ચરિત્ર સર્વથા અનુકરણી ય છે,પણ શ્રીકૃષ્ણલીલાનું અનુ કરણ કરવાનું નથી. શ્રીકૃષ્ણલીલા ચિંતન કરવા માટે, ચિંતન કરી તન્મય થવા માટે છે.

રામજી કરે તે કરવાનું અને શ્રી કૃષ્ણ કહે તે કરવાનું. રામપૂર્ણ પુરુષોત્તમ હોવા છતાં મનુષ્યને આદર્શ બતાવે છે. રામજીનો માતૃપ્રેમ, પિતૃપ્રેમ, બંધુપ્રેમ, રામજીનું એક પત્નીવ્રત વગેરે સઘળું જીવનમાં ઉતારવા જેવું છે. રામાયણના દરેક પાત્રનું આદર્શ ચરિત્ર છે. શ્રીકૃષ્ણ કરે તે આપણા થી ન થાય. શ્રીકૃષ્ણ તો કાળીનાગ ઉપર નાચે છે અને કાળીનાગને નાથે છે. શ્રીકૃષ્ણ ટચલી આંગળી ઉપર ગોવર્ધનને ધરે છે. શ્રીકૃષ્ણના ચરિત્રનું અનુકરણ કરવું હોય તો પૂતના ચરિત્રથી કરજો. શ્રીકૃષ્ણ ઝેર પી ગયા હતા,તમે ઝેર પચાવ્યા પછી શ્રીકૃષ્ણચરિત્રનું અનુકરણ કરજો. કરશો? રામજીએ નિજ ઐશ્વર્ય છુપાવ્યું છે. મનુષ્ય સમક્ષ મનુષ્યનો આદર્શ ધર્યો છે.સાધકનું વર્તન રામના જેવું હોવું જોઈએ. સિદ્ધ પુરુષનું વર્તન શ્રીકૃષ્ણની લીલા હોઈ શકે.રામ જીનો અવતાર રાક્ષસોને મારવા માટે થયો નથી,પણ મનુષ્યોને માનવ ધર્મ બતાવવા માટે થયો છે.રામજીની લીલા એવી સરળ છે, ત્યારે શ્રીકૃષ્ણની લીલા ગહન છે, અટપટી છે. રામજીની લીલા એવી સરળ છે કે, તરત મનમાં વસી જાય. રામજી સરળતાની પ્રતિકૃતિ છે.

એવો સરળ કોઈ પુરુષ કદી જગતમાં થયો નથી.અગ્નિ નારાયણ ભગવાને પ્રગટ થઈને કહ્યું કે, સીતા માતાજી પરમ પવિત્ર છે, શુદ્ધ છે, પછી બીજા પુરાવાની ક્યાં જરૂર હતી. પણ ગામનો ધોબી માતાજીની નિંદા કરે છે તેને રામજી મહત્ત્વ આપે છે. એટલા સારું કે, એમને આદર્શ બતાવવો છે કે, પ્રજાના સુખ માટે રઘુનાથ પોતાના સુખનો ભોગ આપે છે! આ માટે નિષ્ઠુર બની તેઓ સીતા જીનો ત્યાગ કરે છે અને જગત ભરમાં એક અદ્ભુત લોકસેવાનો આદર્શ બતાવે છે. દુનિયાની કોઈ સંસ્કૃતિમાં આવો ત્યાગ જોવા નહીં મળે. રામાયણ એક અપ્રતિમ ગ્રંથ છે,અને રામ કથા અપ્રતિમ કથા છે. રામજી મર્યાદા પુરુષોત્તમ.શ્રીકૃષ્ણએ પુષ્ટિ પુરુષો ત્તમ. રામજીનું નામ પણ સરળ. રામજીના નામમાં એક પણ જોડાક્ષર નથી. શ્રીકૃષ્ણના નામમાં એક પણ સરળ અક્ષર નથી.બધાજોડા ક્ષર છે.રામજી દિવસના બાર વાગે આવે છે. કનૈયો રાત્રે બાર વાગે આવે છે. દશરથજીના રાજમહેલમાં એક આવે છે, ત્યારે બીજો કંસના કારા ગૃહમાં.રામજીને ઓળખવાસહેલા છે, શ્રીકૃષ્ણને ઓળખવા કઠણ છે પરંતુ રામજીની મર્યાદાને જીવનમાં ઉતારવી કઠણ છે. સમજી એ મર્યાદા છે, શ્રીકૃષ્ણ એ પ્રેમ છે. મર્યાદા અને પ્રેમ જીવનમાં ઉતારશો તો સુખી થશો. નરસિંહ અવતારની કથાએ ક્રોધનો નાશ કેવી રીતે કરવો તે બતાવ્યું. વામન અવતારની કથાએ લોભનો નાશ કેવી રીતે કરવો એ બતાવ્યું. રામચંદ્રજીના અવતારે કામનો નાશ કેવી રીતે કરવો તે બતાવ્યું. ક્રોધ, લોભ, કામનો નાશ થાય તે પછી શ્રીકૃષ્ણ ભગવાન પ્રગટે છે. ક્રોધ, લોભ, કામનો નાશ થાય તે પછી જ પરમાત્મા મળેકૃષ્ણ મળે, એટલે પહેલા સ્કંધથી શ્રી કૃષ્ણ કથા શરૂ થતી નથી, પણ વાસના ક્ષય થયા પછી તેની શરૂઆત થાય છે. શુકદેવજી પછી સત્યવ્રત મનુ મહારાજ વંશની કથા છે.

વૈવસ્વત મનુ સૂર્યવંશના આદિ પ્રવર્તક છે. તેમનાં પત્નીનું નામ શ્રદ્ધા. તેમને દશ બાળકો થયાં. ઈક્ષ્વાકુ, નૃપ, શર્યાતિ, દિષ્ટિ, કરૂપ, નરિષ્યન્ત, પૃષધ્ન, નભગ અને કવિ આમાંથી દિષ્ટિના વંશમાં મરુત્ત નામનો ચક્રવર્તી રાજા થયો. મરુત્તના ગુરુ હતા બૃહસ્પતિ. તે ઈન્દ્રના પણ ગુરુ હતા. મરુત્ત રાજાને યજ્ઞ કરવાનો હતો, પણ બૃહસ્પતિએ આવવા ના પાડી. કહે કે હું ઈન્દ્રનો ગુરુ, બાવા રાજવીને ત્યાં જાઉં તે શોભે નહીં. હવે કરવું શું? એવામાં મરુત્ત ને નારદજી મળ્યા.નારદજીએ કહ્યુ કે, યજ્ઞ કરવો છે તો કરો. બૃહસ્પતિના આવે તો બૃહસ્પતિ ના ભાઈ સર્વત્તને બોલાવો.રાજા કહે, સંવર્ત યોગી છે. યોગીનો પત્તો શું? નારદજીએ કહ્યું, પત્તો હું આપું, પણ મારું નામ લેશો નહીં. પુરુષોને એકાંત પ્રિય હોય છે. તેઓ તેમની સાધનામાં લીન રહે છે, તેથી કોઈ તેમાં વિક્ષેપ કરે તે તેમને ગમતું નથી. એથી નારદજી આવી સાવધ વાણી ઉચ્ચારે છે. સંવર્ત યોગા રોજ એક વખતકાશી કાશી વિશ્વનાથનાં દર્શન કરવા આવે છે.પણ રસ્તામાં કોઈ શબનાં દર્શન થાય તો તેને શિવરૂપ માની વંદન કરી પાછાં શિવનાં દર્શન થઈ જાય છે. એવી એમની સમદષ્ટિ છે. નાણે શબને જોતાં વેંત વંદન કર્યું. મરુત્ત રાજાને ખાતરી થઈ ગઈકે,આ સંવર્ત યોગી છે. એકદમ કરી જાય છે. શબમાં જ એને એણે યોગીનાં ચરણ પકડી લીધાં. મરુત્ત કહે, મારે યજ્ઞ કરવો છે, પણ બૃહસ્પતિ યજ્ઞ કરાવતા નથી. તમે કરાવો! સંવર્ત કહે,હું યજ્ઞ કરાવીશ, પણ જો તું મારો ત્યાગ કરશે તો તે વખતે હું તને ભસ્મકાં નાખીશ, એ નક્કી જાણજે! રાજા કબૂલ થયો. સંવર્તે મરુત્ત રાજાને મંત્રદીક્ષા આપી. હવે બૃહસ્પતિએ અગ્નિ માત કહેવડા વ્યું કે, મને ગુરુ બનાવો! અગ્નિને સંવર્તે કહ્યું, મારી આજ્ઞા વિરુદ્ધ જઈશ તો તને બાળી મૂકીશ! દેવો બધા ડરી ગયા. સંવર્તયોગી આજ્ઞા કરે તે દેવ ત્યાં પ્રત્યક્ષ હાજર થઈ હવિર્માત્ર ગ્રહણ કરે છે.

મરુત્તનો યજ્ઞ ખૂબ સરસ રીતે પાર પડ્યો. મનુપુત્ર નભગને ત્યાં નાભાગ થયા.ના ભાગને ત્યાં મહાન ભક્ત અંબરીષ નો જન્મ થયો. અંબરીષએ મર્યાદા ભક્તિના આચાર્ય છે. કાંકરોલીમાં જે દ્વારકાનાથ બિરાજે છે તે અંબરીપ. રાજાના સેવ્ય ઠાકોરજી છે. આ ઠાકોરજી બાવન મણ મરી રોજ આરોગતા. વિચારો કેટલી સામગ્ર થતી હશે! અંબરીષ શબ્દનો વિચાર કરો. અંબર એટલે આકાશ. ઈશ એટલે ઈશ્વર. આકાશ એ અંદર પણ છે અને બહાર પણ છે. જેના અંદર બહાર સર્વ ઠેકાણે ઈશ્વર છે તે અંબરીષ. જેને ચાહો બાજુ પરમાત્મા દેખાય તે અંબરીષ. ભક્તિમાર્ગમાં ભક્ત એક એક ઈન્દ્રિયને પરમાત્માનાં ચરણમાં અર્પણ કરે છે. ઈન્દ્રિયોને પરમાત્મા સાથે પરણાવે છે.ભગવાન ઋષી કેશ છે એટલે. ઈન્દ્રિયોના સ્વામી છે.અંબરીષ રાજા મહાન ભક્ત હતા. તેઓ પ્રાર્થના કરતા કે,મારું મન સદા શ્રીકૃષ્ણના ચરણ કમળમાં રહો.મારી વાણી ભગવાન ના ગુણ ગાતી રહો,મારા હાથ પ્રભુ મંદિર ની સેવાય રહો,મારા પગ પ્રભુનાં ક્ષેત્રોની યાત્રા કરતા રહો, મારા કાન પ્રભુની કથા સાંભળવા માં લીન અ મારી આંખ પ્રભુની મૂર્તિની બધે ઝાંખી કરતા રહો! મારું મસ્તક સદાસર્વદા પ્રભુને વંદન કરતું છે. અંબરીષ રાજા ભક્તિના આચાર્ય છે. ભક્તિમાર્ગમાં ધન મુખ્ય નથી, તન મુખ્ય નથી પણ મન મુખ્ય છે. ભક્તિમાં ધન મુખ્ય થયું ત્યારથી ભક્તિ છિન્નભિન્ન થઈ. તેથી અંબરીષ મહારાજ પ્રથમ કહે છે કે, મારું મન શ્રીકૃષ્ણનાં ચરણ યુગલમાં સદા રહો! મન ભગવાનને અર્પણ થઈ ચૂક્યું પછી બીજાં અંગો એને અનુસરશે જ. સેવાનો સંબંધ મન સાથે છે. શરીરથી જે ક્રિયા કરો તેને મનનો સહકાર ન મળે તો તે વ્યર્થ છે. અંબરીષની સેવાની શરૂઆત મનથી થાય છે. મન સભ્ય છે તે એકી સાથે જગત અને ઈશ્વર સાથે સંબંધ કરી શકે નહીં. બીજો માણસ ઉપદેશ કરશે તો શ્રા પર અસર થશે નહીં. તમે પોતે મનને સમજાવશો તો અસર થશે. સેવા માં શરીરનો ઘસારો થાય અંબરીષ રાજા હતા, છતાં સેવા જાતે કરે છે. ઘરમાં અનેક નોકરો હતા પણ દાસ છું, તેની સેવા મારે જાતે કરવી જોઈએ, એ એમની ભાવના હતી. આ ઠાકોરજીનો હું સેવામાં મુખ્ય છે. જે ભોજન કરે તેનું પેટ ભરાય છે. તેમ જે ભજન કરે, સેવા કરે તેને જ તેનું ફળ મળે છે.ચાર વસ્તુમાં બદલી નહીં ચાલે. ભોજનમાં બદલી નહીં ચાલે આ ચારે કામ જાતે જ કરવાં પડે છે. ભાગવતમાં સ્પષ્ટ લખ્યું છે કે, અંબરીષ ભગવાનનાં દર્શન કરવા જાય ઊઘાડા પગે ચાલતા જતા.



### કર્મા કોલિંગની રિલીઝ પહેલા રવિનાએ પૂજા અર્ચના કરી

# પુત્રી રાશા સાથે રવીના ટંડન પહોંચી સોમનાથ મંદિર

## રવિના ટંડન સોમનાથ જ્યોતિર્લિંગ મંદિર દર્શન કરવા માટે પહોંચી હતી : તેની સાથે તેની પુત્રી રાશા થડાની પણ જોવા મળી હતી

બોલિવુડ અભિનેત્રી રવિના ટંડન સોમનાથ જ્યોતિર્લિંગ મંદિર દર્શન કરવા માટે પહોંચી હતી. તેની સાથે તેની પુત્રી રાશા થડાની પણ જોવા મળી હતી, જે આજકાલ પોતાના ડેબ્યુને લઈને ચર્ચામાં છે. રવીના ટંડને ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે જેમાં મહાદેવ દર્શન અને પૂજા કરતા જોવા મળે છે. અત્રે જણાવવાનું કે હાલ રવીના પોતાની અપ કમિંગ વેબસિરીઝ કર્મા કોલિંગને લઈને ચર્ચામાં છે.

પોતાની નવી વેબ સિરીઝ કર્મા કોલિંગની રિલીઝ પહેલા રવિનાએ પુત્રી રાશા સાથે પૂજા અર્ચના કરી અને ભગવાનના આશીર્વાદ લીધા. રવીના સાથે તેની ટીમ પણ હાજર હતી. રવીનાની આ પોસ્ટમાં આ ટ્રીપની ખુબસુરત ઝલક જોવા મળી રહી છે જ્યાં મંદિરથી બહાર અને અંદરનો નજારો પણ જોવા મળી રહ્યો છે.

માતા અને પુત્રી બંને ટ્રેડિશનલ લુકમાં છે અને બંનેએ માથા પર ચંદનનો ટીકો કરેલો છે. રવીનાએ આ પોસ્ટ શેર કરતા લખ્યું છે કે લખ્યું છે કે આ તસવીરો સોમનાથ મંદિર ટ્રસ્ટ પાસેથી પરમિશન લીધા બાદ શેર કરાઈ છે. રવીનાની આ પોસ્ટ પર લોકો સતત હર હર મહાદેવનો જયકાર લગાવતા જોવા મળી ર હ્યા છે.


વેબ સિરીઝ કર્મા કોલિંગની વાત કરીએ તો તે આ મહિનાની ૨૬ જાન્યુઆરીએ ઓટીટી પ્લેટફોર્મ ડિઝની પ્લસ હોટસ્ટાર પર રિલીઝ થવા જઈ રહી છે. આ ઉપરાંત રવીના વેલકમ ફ્રેન્ચાઈઝીની ત્રીજી સિક્વલ વેલકમ ટુ ધ જંગલમાં પણ જોવા મળશે. આ ફિલ્મમાં તેના સિવાય અક્ષયકુમાર, દિશા પટણી, અરશદ વારસી, શ્રેયસ તળપદે, સંજય દત્ત, જેક્લીન ફર્નાન્ડિઝ, જોની લિવર, રાજપાલ યાદવ પણ જોવા મળશે.



### સેક્રેડ ગેમ્સની કુક્કુ શુપર્ણખા બનશે

# બોબી દેઓલે રામાયણમાં કુંભકર્ણ બનવાની ના પાડી

## રણબીરના રામ અને સાઈ સીતા પલ્લવી તરીકેના એઆઈ જનરેટેડ ફોટા વાયરલ : હજુ સત્તાવાર લૂક પ્રગટ કરાયા નથી



રણબીર કપૂરની ‘રામાયણ’ ફિલ્મમાં કુંભકર્ણનો રોલ ભજવવાનો બોબી દેઓલે ઈનકાર કરી દીધો છે. બોબીને આ ફિલ્મ માટે રોલ ઓફર થયો હતો. પરંતુ, બોબીની ટીમ તરફથી સત્તાવાર રીતે જણાવાયું હતું કે બોબીએ આ રોલ માટે ઈનકાર કરી દીધો છે. બીજી તરફ , આ ફિલ્મમાં ‘સેક્રેડ ગેમ્સ‘ વેબ સીરીઝની કુક્કુની એન્ટી શૂપર્ણખાના રોલમાં થઈ શકે છે.અભિનેત્રીએ આ રોલ માટે ઓડિશન આપ્યું છે. તેને આશા છે કે, તે આ ફિલ્મનો હિસ્સો બનશે. જોકે સત્તાવાર ઘોષણા કરવામાં આવી નથી.

દરમિયાન, ફિલ્મમાં રણબીર કપૂર રામ તરીકે અને સાઈ પલ્લવી સીતા તરીકે તથા યશ રાવણના રોલમાં કેવા લાગશે તેના એઆઈ જનરેટેડ ફોટા વાયરલ થયા છે. જોકે, ફિલ્મની ટીમ તરફથી હજુ સુધી કોઈ કલાકારના સત્તાવાર લૂક પ્રગટ કરાયા નથી. પરંતુ, આ એઆઈ જનરેટેડ ફોટાગ્રાફસ વિશે લોકો જાત જાતની ટિપ્પણી કરી રહ્યા છે.

પોતે બીફ ખાવાનું બહુ પસંદ કરે છે તેવું કહી ચૂકેલા રણબીરની રામના પાત્રમાં વરણી પણ અનેક ચાહકોને પસંદ પડી નથી.



# નીલ નીતિન મુકેશે ૧૩ વર્ષમાં આપી હતી સતત ૧૧ ફ્લોપ ફિલ્મો

## ૨૦૦૭માં અભિનેતાએ ફિલ્મ જોની ગદ્દાર દ્વારા મુખ્ય અભિનેતા તરીકે બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો

અભિનેતા નીલ નીતિન મુકેશને અભિનય ભલે વારસામાં ન મળ્યો હોય, પરંતુ તેનું બાળપણથી જ બોલિવૂડ કલાકારો સાથે મળવાનું રહ્યું છે. નીલ નીતિન મુકેશે બાળ કલાકાર તરીકે વર્ષ ૧૯૮૮માં ફિલ્મ ‘વિજય’થી ડેબ્યૂ કર્યું હતું. આ ફિલ્મમાં નીલ નીતિન મુકેશે રાજેશ ખન્ના, ઋષિ કપૂર, અનિલ કપૂર અને હેમા માલિની જેવા દિગ્ગજ કલાકારો સાથે સ્ક્રીન શેર કરી હતી. આ ફિલ્મ રિલીઝ થયાના બીજા જ વર્ષે આ અભિનેતા ગોવિંદા અને કાદર ખાનની ફિલ્મ ‘જૈસી કરની વૈસી ભરની’માં જોવા મળ્યો હતો. નીલ નીતિન મુકેશે ૨૦૦૨માં આવેલી ફિલ્મ ‘મુઝસે દોસ્તી કરોગે’માં આસિસ્ટન્ટ ડિરેક્ટર તરીકે કામ કર્યું હતું. ૨૦૦૭માં અભિનેતાએ ફિલ્મ ‘જોની ગદાર’ દ્વારા મુખ્ય અભિનેતા તરીકે બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો. આ ફિલ્મ ખરાબ રીતે ફ્લોપ રહી હતી. તે પછી અભિનેતાએ બેક-ટુ-બેક ઘણી ફિલ્મોમાં કામ કર્યું, પરંતુ તેની તમામ ફિલ્મો બોક્સ ઓફિસ પર એક પછી એક નિષ્ફળ ગઈ. ૨૦૦૭માં બોલિવૂડમાં એન્ટ્રી કરનાર નીલ નીતિન મુકેશ છેલ્લે ૨૦૧૮માં સ્ક્રીન પર જોવા મળ્યો હતો. ત્યારથી આ અભિનેતા ફિલ્મોની દુનિયાથી દૂર છે. ૧૩ વર્ષની કારકિર્દીમાં તેણે ૧૧ ફ્લોપ ફિલ્મો આપી છે. નીલ નીતિન મુકેશને તેની આખી કારકિર્દીમાં માત્ર ૩ સફળ ફિલ્મો મળી છે. અભિનેતાએ ૨૦૦૯માં રિલીઝ થયેલી ફિલ્મ ‘ન્યૂયોર્ક’થી પહેલીવાર સફળતાનો સ્વાદ ચાખ્યો. આ ફિલ્મમાં તેની સાથે કેટરિના કૈફ અને જ્હોન અબ્રાહમે મુખ્ય ભૂમિકા ભજવી હતી.

ન્યૂયોર્ક પછી ૨૦૧૫માં આવેલી ફિલ્મ ‘પ્રેમ રતન ધન પાયો’ નીલ નીતિન મુકેશની બીજી સફળતા હતી. આ ફિલ્મમાં તે ગ્રે શેડમાં જોવા મળ્યો હતો. આ ફિલ્મ હિટ રહી હતી. તે પછી અભિનેતાને ‘ગોલમાલ અગેન’માં કાસ્ટ કરવામાં આવ્યો હતો જે તેની કારકિર્દીની એકમાત્ર બ્લોકબસ્ટર ફિલ્મ બની હતી. ફિલ્મોમાં સંપૂર્ણ ફ્લોપ થયા પછી નીલ નીતિન મુકેશે આખરે પોતાને સ્ક્રીનથી દૂર કરી લીધો, પરંતુ આજે પણ તેની કમાણી પર કોઈ ખાસ અસર જોવા મળી નથી. લક્ઝુરિયસ લાઈફસ્ટાઈલના શોખીન આ એક્ટર આજે પણ કરોડોની કમાણી કરે છે. નીલ નીતિન મુકેશે એક્ટિંગમાંથી બ્રેક લઈ પોતાની પ્રોડક્શન કંપની ખોલી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આજે અભિનેતાની નેટ વર્થ ૪૦ કરોડ રૂપિયાની આસપાસ છે. અભિનેતા ઘણી લક્ઝરી કાર, ઘડિયાળો અને આલીશાન બંગલાનો માલિક છે. બોલિવૂડ એક્ટર નીલ નીતિન મુકેશ આજે કોઈ ઓળખને મોહતાજ નથી. આજે નીલ નીતિનનો ૧૫ જાન્યુઆરીએ ૪૨મો બર્થડે છે. નીલ નીતિનનો જન્મ ૧૫ જાન્યુઆરી ૧૯૮૨ના રોજ મુંબઈમાં ગાયક નીતિન મુકેશને ત્યાં થયો હતો. નીલ નીતિન મુકેશ આજે કોઈ ઓળખને મોહતાજ નથી. નીલ નીતિન દિવંગત ગાયક મુકેશના પૌત્ર છે.

નીલ નીતિન મુકેશે તેમના પિતા અને દાદાના નામનો ઉપયોગ તેમના નામમાં અટક તરીકે કર્યો હતો. નીલ નીતિનને બોલિવૂડનો ચોકલેટી બોય કહેવામાં આવે છે. નીલ નીતિને ન્યૂયોર્ક, ૭ ખૂન માફ, ડેવિડ, વઝીર, ૩જી, પ્લેયર્સ, ગોલમાલ અગેન, પ્રેમ રતન ધન પાયો જેવી ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે. જોકે, જ્યારે નીતિનની ડેબ્યુ ફિલ્મ આવી ત્યારે તેને તેના પિતાની ઘણી નારાજગીનો સામનો કરવો પડ્યો હતો. નીલ નીતિને વર્ષ ૨૦૦૭માં જોન ‘ગદાર’થી એક્ટિંગની દુનિયામાં પ્રવેશ કર્યો હતો. શું તમે જાણો છો નીલ નીતિન મુકેશ દીપિકા પાદુકોણને ઘણી પસંદ કરે છે. સાથે જ નીલ નીતિને એક વખત શાહરૂખ ખાનનું ભરી મહેફિલમાં અપમાન કર્યું હતું. નીલ નીતિને કહ્યું હતું કે, તે દીપિકા પાદુકોણને ઘણી પસંદ કરે છે. એક્ટરે એમ પણ જણાવ્યું હતું કે, તે દીપિકા પાદુકોણના બંગલાની બહાર ગુલાબ લઈને ત્રણ કલાક ઉભો રહ્યો હતો. આ પછી તેને યાદ આવ્યું હતું કે દીપિકા એક ફિલ્મના પ્રમોશન માટે બહાર ગઈ છે. વધુમાં નીલ નીતિન નીતિશે જણાવ્યું હતું કે, તે દીપિકા પાદુકોણને ફેમિલી મેમ્બર જ માને છે. બીજી તરફ પઠાણ એક્ટ્રેસ દીપિકા પાદુકોણે પણ નીલના ખુબ વખાણ કર્યા હતા. તેણે કહ્યું હતું કે, નીલ નીતિન નીતિશ ખુબ કેરિંગ સ્વભાવનો છે. નીલ નીતિશ મુકેશે એક વખત ફિલ્મફેર એવોર્ડમાં કિંગ ખાનનું અપમાન કર્યું હતું.

### રામાયણમાં એવું પાત્ર ભજવ્યું કે નફરત કરવા લાગ્યા લોકો

# રામાનંદ સાગરે ઘરેથી ભાગેલી છોકરીને રોલ આપી દીધો હતો

## સ્ક્રીન પર રેણુની એક્ટિંગ એટલી રિયલ હતી કે તેને અસલ જીવનમાં પણ લોકો નફરત કરવા લાગ્યા હતાં





ડાયરેક્ટર રામાનંદ સાગરની ૧૯૮૭માં રિલીઝ થયેલી સીરિયલે આખા દેશમાં ધૂમ મચાવી દીધી હતી. આ સીરિયલને લોકોને ખૂબ જ પ્રેમ આપ્યો. સીરિયલના કેરેક્ટર લોકોના દિલમાં વસી ગયા. રામાયણનું એક પાત્ર એવું પણ હતું જેણે રામ અને રાવણના મહાયુદ્ધની શરૂઆત પણ કરી હતી. આ પાત્ર હતું શૂર્પણખાનું. આ પાત્રને એક્ટ્રેસ રેણુ ખાનોલકરે ભજવ્યું હતું. રેણુ ખાનોલકરે આ પાત્રને શાનદાર અંદાજમાં ભજવ્યું હતું. આ ઉપરાંત રેણુ ખાનોલકરને આ પાત્ર માટે અસલ જીવનમાં પણ ખૂબ જ નફરતનો સામનો કરવો પડ્યો હતો. સ્ક્રીન પર રેણુની એક્ટિંગ એટલી રિયલ હતી કે તેને અસલ જીવનમાં પણ લોકો નફરત કરવા લાગ્યા હતાં. રેણુ ખાનોલકર જ્યારે ૨૦ વર્ષની હતી તો એક્ટ્રેસ બનવાનું સપનું જોયુ હતું. પરંતુ રેણુના પિતા તેની વિરુદ્ધ હતાં. તેમ છતાં રેણુ ખાનોલકર પોતાના સપના માટે થઈને માત્ર ૨૦ વર્ષની ઉંમરમાં જ ઘરેથી ભાગીને મુંબઇ આવી ગઇ હતી. અહીં રેણુ ખાનોલકરે એક્ટિંગ ક્લાસ જોઈન કરી લીધા. સાથે જ થિયેટર પણ કરવા લાગી. આ દરમિયાન જ્યારે એક પ્લેમાં રેણુ તેનું પાત્ર ભજવી રહી હતી, ત્યારે જ ત્યાં ઓડિયંસમાં બેઠેલા રામાનંદ સાગરે રેણુને પસંદ કરી લીધી. તે બાદ રેણુને રામાનંદ સાગરે પોતાના ઘરે ઓડિશન માટે બોલાવી. એક ઈન્ટરવ્યુમાં રેણુએ જણાવ્યું, હું રામાનંદ સાગરના ઘરે ગઇ તો તેમણે મને રાક્ષસી હાસ્ય કરવા કહ્યું. મે સારી રીતે કર્યુ અને તેમણે મને શૂર્પણખાના પાત્ર માટે સિલેક્ટ કરી લીધી. તે બાદ અમે શુટિંગ શરૂ કરી દીધું. ગુજરાતના એક ગામડામાં અમારા સીન શૂટ થયા. રેણુને આ પાત્રથી ઘણી ઓળખ મળી. રેણુએ રામાયણમાં શૂર્પણખાનું પાત્ર એટલા ભાવ સાથે ભજવ્યું હતું કે લોકો તેને અસલ જીવનમાં પણ વિલન સમજવા લાગ્યા. રેણુએ તેને લઈને જણાવ્યું કે, લોકો અસલ જીવનમાં પણ તેને પસંદ કરતાં હતાં. પરંતુ આ સીરિયલે રેણુને ઘણી ઓળખ અપાવી અને તેની એક્ટિંગના દમ પર તેને ઘણી ફિલ્મો પણ મળી. પરંતુ થોડા જ વર્ષો બાદ રેણુએ એક્ટિંગની દુનિયાને અલવિદા કહી દીધું. રેણુ હવે રાજકારણની દુનિયામાં સક્રિય છે. રેણુના એક્ટિંગ કરિયરની વાત કરીએ તો રેણુ ખાનોલકરે અનુસાર એમના પરિવારમાં કોઈ પણ સભ્યોને ફિલ્મો તેમજ એક્ટિંગ કરવાની પરમિશન નથી. ઘરના લોકો એમની વિરુદ્ધ હતા, પરંતુ એક્ટ્રેસની માતાએ સાથ આપ્યો અને પપ્પા સામે ખોટુ બોલીને મુંબઇ આવ્યા. મુંબઇ આવ્યા પછી રેણુએ રોશન તનેજાના એક્ટિંગ ક્લાસ જોઈન્ટ કર્યા. પછી થિએટરમાં કામ કરવાનું શરૂ કર્યુ. આ સમયે એક્ટ દરમિયાન રામાનંદ સાગરની નજર એમના પર પડી અને શૂર્પણખાના રોલ માટે ઓડિશન આપવા માટે ઓફિલ બોલાવી. રેણુને ઓડિશન દરમિયાન કહેવામાં આવ્યુ હતુ કે તમારે રાક્ષસોની જેમ હસવાનું છે. ત્યારબાદ રેણની સકસેસનેસ જોઈને આ રોલની ઓફર મળી. જો કે આજે પણ એ લોકોના દિલમાં રાજ કરે છે. રામાયણ સીરીયલમાં સુરપંખાનું પાત્ર ભજવનાર મહિલાનું નામ રેણુ ધારીવાલ હતું.

### અમદાવાદમાં વધુ એક હત્યાનો બનાવો સામે આવ્યો

# ચા પીવા દરમિયાન સામાન્ય બોલાચાલી બાદ મિત્રએ કરી મિત્રની હત્યા

## બંને આરોપીઓ અગાઉ અમરાઇવાડી અને રામોલ વિસ્તારમાં ગુનાઓને અંજામ આપી ચૂક્યા છે




। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદમાં વધુ એક હત્યાનો બનાવો સામે આવ્યો છે. શહેરના અમરાઈવાડી વિસ્તારમાં સામાન્ય બોલાચાલી બાદ મિત્રએ જ મિત્રની હત્યા કરી નાખી. બે શખ્શોએ યુવક પર હુમલો કરતા ગંભીર હાલતમાં સારવાર માટે ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન મોત, મકરસંક્રાંતિના દિવસે એક સામાન્ય બાબતમાં હત્યાનો બનાવો સામે આવતા પોલીસ દ્વારા ફરિયાદ નોંધીને બે આરોપીઓની ધરપકડ કરી છે.

ઉતરાયણના દિવસે અમદાવાદમાં ફરી લોહિયાળ ખૂની ખેલ ખેલાયો છે. શહેરના અમરાઈવાડી વિસ્તારમાં એકઠા થયેલા મિત્રોએ એક સામાન્ય બોલાચાલીમાં હુમલો કરી હત્યા નીપજાવી છે. જોકે સમગ્ર મામલો પોલીસ સ્ટેશન પહોંચતા પોલીસે હત્યારા બે આરોપીઓની ધરપ કડ પણ કરી લીધી છે. અમરાઈવાડી વિસ્તારમાં રહેતા નિતેશ તિવારીની ઉત્તરાયણના દિવસે મિત્રએ જ હત્યા કરી દીધી હતી. જેસલમેર ખાતે ઈન્ડિયન આર્મીમાં સિપાહી તરીકે ફરજ બજાવતો તેનો મિત્ર મુકેશ ચૌહાણ રજા લઈને તેને મળવા આવ્યો હતો. જેસલમેર થી અમદાવાદ આવીને મુકેશ અમરાઈવાડીમાં નિતેશ તિવારીના ઘરે જ રોકાયો હતો. નિતેશ તિવારી અને તેનો મિત્ર મુકેશ ચૌહાણ સાંજના સમયે મેટ્રો પિલ્લર નંબર ૬૧ ની આસપાસ ચા પાણી પીવા ગયા હતા. જ્યાં નિતેશ તિવારીનો અન્ય મિત્રો અજીત ઉર્ફે હંસરાજ ચૌહાણ અને તુષાર ગુપ્તા પણ ત્યાં ઉભા હતા. નિતેશ તિવારી અને અજીત ચૌહાણની વાતચીત દરમિયાન બોલાચાલી થઈ હતી અને આ બોલાચાલી ઉગ્ર બનતા અજીત ચૌહાણ નિતેશને માર મારવા લગ્યો હતો. જેથી અજીત સાથે રહેલા તેના અન્ય મિત્ર તુષાર ગુપ્તા પણ નીતેશને માર મારવા લાગેલો અને અજીતનું ઉપ રાણું લઈ તુષાર ગુપ્તાએ પોતાના પાસે રહેલી છરી થી નિતેશ પર હુમલો કર્યો હતો.

ઈજાગ્રસ્ત નિતેશને સારવાર માટે હોસ્પિ ટલ ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું હતું. આરોપીઓની પૂછપરછમાં પોલીસ સમક્ષ બતાવાઈ રહ્યુ છે કે, નિતેશ તિવારી તેમજ અજીત વચ્ચે જાતિ વિષયક શબ્દોને લઈને બોલાચાલી થઈ હતી. જેથી અજીત ઉશ્કેરાઈ જઈ નિતેશ પર હુમલો કર્યો હતો. જો કે અજીતની સાથે આવેલો તેનો મિત્ર એ પણ અજીતનો સાથ આપી તેની પાસે રહેલી ચાકુ વડે નિતેશને માર માર્યો હતો. સમગ્ર ઘટના બાદ ફરિયાદના આધારે અમરાઈવાડી પોલીસે અજીત ચૌહાણ તેમજ તુષાર ગુપ્તાની ધરપકડ કરી છે.

પોલીસ તપાસમાં એ પણ સામે આવ્યું છે કે પકડાયેલા બંને આરોપીઓ ભૂતકાળમાં અનેક ગુનાઓને અંજામ આપી ચૂક્યા છે અને પોલીસ ચોપડે પણ ચડી ચૂક્યા છે. બંને આરોપીઓ અગાઉ અમરાઈવાડી અને રામોલ વિસ્તારમાં ગુનાઓને અંજામ આપી ચૂક્યા છે. આરોપી તુષાર સગીર હતો ત્યારે પણ તે એક ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે. જ્યારે હવે ૧૯ વર્ષનો થતા તેણે હત્યાને પણ અંજામ આપ્યો છે.

હાલ તો પોલીસે બંનેની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે અને ખરેખર બોલાચાલીમાં જ આ હત્યા થઈ છે કે હત્યા પ ાછળ અન્ય કોઈ કારણ જવાબદાર છે તે અંગે પણ વધુ તપાસ હાથ ધરી છે.

# શિક્ષક મંડળે સરકારને રજૂઆત કરી, ૨૨ જાન્યુઆરીએ શાળાઓ બંધ રાખવાની માંગ કરાઇ

। (માહિતી બ્યુરો) ગાંધીનગર, તા.૧૮ ।

અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈ દેશભરમાં ધાર્મિક માહોલ જામ્યો છે. આ માટે દરેક શહેર અને દરેક ગામમાં ધાર્મિક આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં દરેક હિન્દૂ પરિવારો દ્વારા હિસ્સો લઈને રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે સુંદર આયોજન હાથ ધરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન અમદાવાદ શહેરના શિક્ષકોએ સોમવારે જાહેર રજાની માંગ કરી છે.દેશભરમાં રામ મંદિરને લઈ રામમય માહોલ સર્જાયો છે. દરેક ગામ અને શહેરમાં રામ મંદિર મહોત્સવને લઈ ધાર્મિક માહોલ જામ્યો છે. આ દરમિયાન હવે અમદાવાદ શહેરના શિક્ષકોએ શાળાઓમાં રજાની માંગણી કરી છે. અમદાવાદ મ્યુનિસિપલ શિક્ષક મંડળે રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગને પત્ર લખીને રજાની માંગ કરી છે. આ માટે મુખ્યપ્રધાન અને રાજ્યના શિક્ષણ પ્રધાનને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે. શાળાઓમાં રજા રાખવાને લઈ શિક્ષક મંડળે બતાવ્યુ છે કે, રજા રાખવાથી વિદ્યાર્થીઓ અને શાળાના શિક્ષકો પોતાના પરિવાર સાથે આ શુભ ઘડીનો હિસ્સો બની ઉજવણી કરી શકશે. ધાર્મિક કાર્યક્રમમાં હિસ્સો લઈ શકાશે અને તેમના વિસ્તાર અને ગામના મંદિરોમાં સફાઈ કાર્યક્રમમાં જોડાઈ શકાશે.

# ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ દ્વારા નવોદય પરીક્ષા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું



। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૮ ।

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી ખાતે નવોદય પ્રવેશ પરીક્ષાની તાલીમ મેળવી રહેલા વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જય અંબે એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી અને ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલીના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણાએ ૨૦ મી જાન્યુઆરીના રોજ નવોદયની પરીક્ષા હોવાથી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. OMR સિટ કેવી રીતે ભરવી, ગોળ રાઉન્ડ કરવા, કેટલા સમયમાં પ્રશ્ન પૂરા કરવા, સમય મર્યાદામાં પેપર કેવી રીતે લખવું અને ભૂલ રહિત કેવી રીતે લખી શકાય તેવી ઝીણવટ પૂર્વક માહિતી આપવામાં આવી હતી. સંજેલી તાલીમ કેન્દ્ર ખાતે દિલીપકુમાર મકવાણા, સુખસર કેન્દ્ર ખાતે રાજુભાઈ મકવાણા, મોરા કેન્દ્ર ખાતે અશ્વિનભાઈ સંગાડા, રંધિકપુર કેન્દ્ર ખાતે ચેતકભાઈ ચરપોટ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આમ ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગના સંચાલકે પરિક્ષાની શુભેચ્છા પાઠવી હતી.

# અયોધ્યા ખાતે દાહોદ જિલ્લાના ચાલનાર ભંડારામા કંબોઇધામ થી ટીમ જવા રવાના



। પંકજ પંડિત ઝાલોદ, તા.૧૮ ।

અયોધ્યામા ગુજરાત રાજ્યમા સાલિયા કબીર મંદિર દ્વારા ૩૭ દિવસ ગુજરાતી ભોજનનો ભંડારો અયોધ્યા ખાતે ચાલવાનો છે ત્યારે "રામ કાજ કીયે બીન મોંહે કહાં વિશ્રામ" પ ંક્તિ સાર્થક કરતા ઝાલોદ તાલુકા કંબોઈ ગ્રામ પંચાયતના સરપંચ જીક્ષેશભાઈ નિનામા,નિલેશભાઈ મખજીભાઈ મુનિયા,ચિરનભાઈ નિનામા,મગનભાઈ કેસરાભાઈ ગારી,જગુભાઈ પંચાલ અયોધ્યામા સેવા આપવા ગયા છે.

# પેથાપુર શાળામાં રાષ્ટ્રીય યુવા દિનની ઉજવણી કરવામાં આવી

।પંકજ પંડિત ઝાલોદ, તા.૧૮ ।

આજ રોજ માધ્યમિક અને ઊચ્ચ માધ્યમિક શાળા પેથાપુર ખાતે સ્વામિ વિવેકાનંદની જન્મ જયંતિને રાષ્ટ્રીય યુવા દિન તરીકે ઉજવવામાં એક દિવસીય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ ભાગ લીધો હતો અંતે ધોરણ- ૧૦ ના વિદ્યાર્થીઓની ટીમ વિજેતા બની હતી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષકો આર.આર ગજ્જર, એમ.એલ.તાવિયાડ, નિરાલી લબાના અને એન.જી લબાના તેમજ કોચ કે.એલ પ્રજાપતિ અને ઉમેશભાઈ ખરાડી દ્વારા કરવામાં આવ્યું હતું.સેવક ભાઈઓ અરવિંદભાઈ,મુ-કેશભાઈ પણ ખડે પગે ઊભા રહી ખેલાડીઓ ના ઉત્સાહ માં વધારો કરેલ હતો.સમગ્ર કાર્યક્રમના અંતે વિજેતા બનેલ ટીમ ને તેમજ હરીફ ટીમને પુરસ્કાર સ્વરૂપે રોકડ ઈનામ વિતરણ શાળાના આચાર્ય ચેતન.એમ પ્રજાપતિ સાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું.સાચા અર્થમાં સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિને રાષ્ટ્રીયયુવાદિનને સ્પોર્ટ ડે તરીકે ઉજવણી કરી ને સાર્થક સાબિત કરેલ હતું.કાર્યક્રમના અંતે શાળાના શિક્ષક ડો.જયંત એમ પરમાર સાહેબે સ્વામીજી ના સંદેશ 'ઉઠો,જાગો અને ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મંડ્યા રહો ' ને જીવન માં ઉતારવા અનુરોધ કર્યો હતો.

### સુરતમાં પ્રેમનો કરૂણ અંજામ

# સુરત ખાતે પ્રેમીએ જ પ્રેમિકાની હત્યા કરી પોતે પણ આપઘાત કર્યો

## ૨૮ વર્ષીય પ્રેમીએ પોતાની ૧૮ વર્ષની પ્રેમિકાની હત્યા કર્યા બાદ પોતે પણ આપઘાત કરી લેતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી




। સુરત, તા.૧૮ ।

સુરતના ઉધના વિસ્તારમાં આવેલા સાઈ જલારામ નગર ખાતે બનેલી આ કરૂણ ઘટનાને લઈને સમગ્ર વિસ્તારનાં લોકો એક સમય માટે વિચારમાં પડી ગયા હતા. આ વિસ્તારમાં દોઢ મહિના પહેલાં જ રહેવા આવેલા ૨૮ વર્ષીય વિજય ગોહિલ નામના યુવકે પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈને આપઘાત કરી દીધા હોવાની જાણકારી પડોશીને મળતા તેઓ આ ઘટનાના મામલે પોલીસને જાણ કરી હતી.

ઘટનાની જાણકારી મળતા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી તપાસ કરતા યુવકનો મૃતદેહ લટકેલી હાલતમાં હતો. આ સાથે જ યુવકના પગ પાસે એક યુવતીની લાશ પણ મળી આવી હતી. પોલીસે તપાસ શરૂ કરી ત્યારે પોલીસને જાણકારી મળી હતી કે, જે મકાનમાં યુવકનું મૃતદેહ મળી આવ્યો છે તે યુવક દોઢ મહિના પહેલા જ પરિવાર સાથે અહીંયા રહેવા આવ્યો હતો. પરિવાર બહાર જતાં જ યુવાને પોતાની ૧૮ વર્ષની પ્રેમિકાને ઘરે બોલાવી હતી. પ્રેમી યુગલ વચ્ચે કોઈ બાબતે માથાકૂટ થતા યુવકે યુવતીની હત્યા કરી નાંખી હતી અને ત્યારબાદ પોતે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી દીધો હતો. આ મામલે યુવક વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કરી અને યુવકે કરેલા આપઘાતને લઈ અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી એફએસએલની મદદથી લઈ આ મામલે આગળ તપાસ શરૂ કરી છે.

### CM ભૂપેન્દ્ર પટેલે ૬ નગરો માટે લીધો મહત્વનો નિર્ણય

# ૧૦૯ કામો માટે રૂ. ૧૦.૭૭ કરોડની ફાળવણી માટે મુખ્યમંત્રીની સૈદ્ધાંતિક મંજૂરી



। (માહિતી) ગાંધીનગર, તા.૧૮ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નગરોમાં વસવાટ કરતા નાગરિકોના ઈઝ ઓફ લિવિંગમાં વધારો કરવાના હેતુસર ખાનગી સોસાયટી જનભાગીદારી યોજનામાં ૬ નગરો માટે રૂ.૧૦.૭૭ કરોડની ફાળવણીની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. રાજ્યના નગરો-મહાનગરોના આયોજનબદ્ધ સર્વગ્રાહી વિકાસ અને જનસુવિધાના કામો માટે ગુજરાત રાજ્યની સ્થાપનાના સુવર્ણ જયંતિ વર્ષ ૨૦૧૦માં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલી છે. આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના એક ઘટક તરીકે ખાનગી સોસાયટી જનભાગીદારી યોજના ૨૦૧૨થી કાર્યરત છે.

ખાનગી સોસાયટી જનભાગીદારીની આ યોજના અન્વયે નગરપાલિકા, મહાનગરપ ાલિકાઓ તેમના વિસ્તારની ખાનગી સોસાયટીમાં રસ્તા, પેવરબ્લોક, પાણીની લાઈન, ગટરલાઈન, સ્ટ્રીટ લાઈન, રેઈન વોટર હાર્વેસ્ટિંગ તથા સોસાયટીઓમાં કોમન પ્લોટમાં પેવરબ્લોક નાખવાના કામો હાથ ધરી શકે છે. આ માટે ૭૦ ટકા ગ્રાન્ટ રાજ્ય સરકાર તરફથી, ૨૦ ટકા જે-તે ખાનગી સોસાયટીનો ફાળો તેમજ ૧૦ ટકા સ્થાનિક સંસ્થાનો ફાળો એમ ગ્રાન્ટ ફાળવણીથી કામો કરવામાં આવતા હોય છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખાનગી સોસાયટી જનભાગીદારી યોજના અંતર્ગત રાજ્યની કલોલ નગરપાલિકાને આવા ૬૪ કામો માટે રૂ.૩.૧૭ કરોડ, સુરેન્દ્રનગર-દૂધરેજ નગરપાલિકાને ૨૦ કામો માટે રૂ.૬.૬૫ કરોડ સહિત પાટણમાં ૧૧ કામો માટે રૂ. ૬૧.૯૫ લાખ, વિરમગામમાં બે કામો માટે રૂ.૨૧.૬૪ લાખ તેમ જ જસદણમાં રૂ.૧૧.૦૯ લાખ મળીને કુલ ૧૦૯ કામો માટે સમગ્રતયા રૂ.૧૦.૭૭ કરોડ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગતની આ ખાનગી સોસાયટી જનભાગીદારી યોજનામાં સમગ્ર રાજ્યમાં અત્યાર સુધીમાં ૪૨,૭૨૬ કામો માટે રૂ. ૩૬૯૨.૪૨ કરોડની મંજૂરીઓ આપવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વધુ ૧૦૯ કામો ૬ નગરપાલિકાઓમાં મંજૂર કરીને રૂ.૧૦.૭૭ કરોડની ફાળવણી કરવા સૈદ્ધાંતિક અનુમોદન આપતાં આ ૬ નગરોમાં ખાનગી સોસાયટીઓનાં જનહિત કામો હાથ પર લઈ શકાશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સાચી સમજ છે. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો. જોકે પરિસ્થિતિઓ જલ્દી સુધરી જશે. કેટલાક લોકો તમારા મગજ પર સવાર થઈ શકે છે એમની બસ અવગણના જ કરો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. તમારા પ્રિયપાત્રના સોશિયલ-મિડિયા પરના છેલ્લાં કેટલાક દિવસોના સ્ટેટસ ચેક કરો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. દિવસ ની શરૂઆત ભલે સારી હોય પરંતુ સાંજે કોઈ કારણસર તમારા પૈસા ખર્ચાઈ શકે છે જેના લીધે તમે પરેશાન થયી શકો છો? ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. ગર્લફ્રેન્ડ કદાચ તમને છેતરશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારે તમારી હોશિયારીની કુનેહ તથા મુત્સદીપણાનો ઉપયોગ તમારા મગજને પજવી રહેલી સમસ્યાઓ ઉકેલવા માટે કરવાની જરૂર છે. ખર્ચ વધશે પણ આવકમાં થતો વધારો તમારા ખર્ચને પહોંચી વળશે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. દિવસને ખાસ બનાવવા માટે ઉદારતા તથા પ્રેમ આપો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. આજનો દિવસ તમારા પ્રેમ જીવનમાં એક અદભુત દિવસ બની રહેશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારી જાતને એક હદ કરતાં વધુ થકવશો નહીં અને યોગ્ય આરામ લેવાનું યાદ રાખજો. નાણાંપ્રવાહમાં વધારો મહત્વની ખરીદી કરવી તમારી માટે આસાન બનાવશે. સમગ્રતઃ લાભદાયી દિવસ પણ તમે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો એવું તમે વિચારો છો એ તમને નિરાશ કરશે. માત્ર સ્પષ્ટ સમજદારીથી તમે તમારી પત્નીને લાગણીશીલ ટેકો આપી શકશો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.યાદ રાખો પ્રેમ જ પ્રેમને ખેંચે છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારા અધીરો તથા જિદ્દી સ્વભાવ પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો ખાસ કરીને પાર્ટીમાં કેમ કે ત્યાં આ સ્વભાવ મૂડ બગાડી શકે છે. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશે? તમારો પરિવાર તમારી વહારે આવશે તથા કટોકટીના સમયમાં તમારૂં માર્ગદર્શન કરશે. કોઈ કાયર્યમાં માસ્ટરી હાંસલ કરનારી વ્યક્તિનું નિરીક્ષણ કરી તમે કેટલાક પાઠ સીખી શકો છો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે જે અશક્ય છે તે વિશે બિનજરૂરી વિચાર કરીને તમારી શક્તિ વેડફતા નહીં, એના કરતાંતેનો ઉપયોગ યોગ્ય દિશામાં કરો. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? કોઈક જૂની ઓળખાણ તમારી માટે સમસ્યા ઊભી કરી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. પારિવારિક રહસ્યના સમાચાર તમને આશ્ચર્યચકિત કરશે. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. પૈસા ની અછત આજે ઘર માં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજી પૂર્વક વાત કરો અને તેમની સલાહ લો. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો.

**ન્યૂઝ બ્રિફ**

## વિશ્વની મજબૂત કરન્સીમાં ભારત ૧૫મા ક્રમે, દિનાર પ્રથમ ક્રમાંકે

। નવી દિલ્હી, તા.૧૮ ।

વિશ્વમાં સૌથી વધુ લોકપ્રિય કરન્સી હોવા છતાં, ડોલર મજબૂત કરન્સી નથી. તેમજ મજબૂત કરન્સીના સંદર્ભમાં ભારતની કરન્સી વિશ્વની ટોપ ૧૦ કરન્સી રેન્કિંગમાંથી બહાર છે. તાજેતરમાં ફોર્બ્સે મજબૂત કરન્સીનું રેન્કિંગ જાહેર કર્યું છે. આ રેન્કિંગમાં મજબૂત કરન્સીના સંદર્ભમાં ડોલરને ૧૦માં સ્થાને રાખવામાં આવ્યું છે. જો આ લિસ્ટમાં આપણે ભારતીય કરન્સી રૂપિયા વિશે વાત કરીએ તો તે ૧૫મા સ્થાને છે. ફોર્બ્સની યાદીમાં પ્રથમ સ્થાને કુવૈતી દિનાર છે. એક કુવૈતી દિનાર રૂપિયા ૨૭૦.૨૩ અને ૩ ડોલર બરાબર છે. તેમજ એક બહેરીની દિનાર રૂપિયા ૨૨૦.૪ અને ૨.૬૫ ડોલરની બરાબર છે. આ કરન્સી બીજા સ્થાને છે. યાદીમાં ત્રીજું સ્થાન ઓમાની રિયાલનું છે. આ કરન્સી રૂપિયા ૨૧૫.૮૪ અને ૨.૬૦ ડોલરની બરાબર છે. આ પછી ચોથા સ્થાને જોર્ડનની કરન્સી દીનાર છે. આ કરન્સી રૂપિયા ૧૧૭.૧૦ અને ૧.૧૪૧ ડોલરની બરાબર છે.

## અવિવાહિત છોકરીઓ પણ માતા-પિતા દ્વારા ગુજરાન ભથ્થાંની હકદાર

। નવી દિલ્હી, તા.૧૮ ।

અલ્હાબાદ હાઈકોર્ટે અવિવાહિત છોકરીઓ માટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. અલ્હાબાદ હાઈકોર્ટે પોતાના એક નિર્ણયમાં સ્પષ્ટ કર્યું છે કે, અવિવાહિત છોકરીઓ પણ માતા-પિતા દ્વારા ગુજરાન ભથ્થાંની હકદાર છે. કોર્ટે પોતાના આદેશમાં એ પણ કહ્યું કે, ભલે છોકરીઓ કોઈ પણ ધર્મ કે ગમે તે ઉંમરની હોય દેશના ઘરેલું હિંસા અધિનિયમ હેઠળ પરિવારજનોએ તેને ગુજરાન ભથ્થું આપવું જ પડશે.

આ મામલો ત્રણ બહેનોનો છે. આ ત્રણેય બહેનોનો આરોપ હતો કે, તેમના પિતા અને તેમની સાવકી માતા તેમની સાથે ઘરેલુ હિંસા આચરતી હતી. હાઈકોર્ટ પહેલા આ મામલો નીચલી આદાલતમાં પહોંચ્યો હતો. જ્યાં નીચલી અદાલતે માતા-પિતાને ત્રણેય છોકરીઓને ગુજરાન ભથ્થાં આપવાનો વચગાળાનો આદેશ આપ્યો હતો. નીચલી આદાલતના આ આદેશને છોકરીઓના પિતા નઈમુલ્લાહ શેખએ અલ્હાબાદ હાઈકોર્ટમાં પડકાર્યો હતો જેને હવે હાઈકોર્ટે ફગાવી દીધો છે. હાઈકોર્ટના આ આદેશથી હવે આ પ્રકારના અન્ય કેસોની સુનાવણી અને નિર્ણયો ઝડપથી આવશે.

# સેન્સેક્સમાં ૩૧૪ અને નિફ્ટીમાં ૯૩ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો

## શેરબજારના ટોપ ગેઇનર્સમાં સન ફાર્મા 3 ટકાના ઉછાળા સાથે, ટેક મહિન્દ્રા ૨.૫ ટકાના વધારા સાથે બંધ થયા

। મુંબઈ, તા.૧૮ ।

શેરબજાર ગુરુવારે નબળા નોટ પર સમાપ્ત થયું. દિવસના ટ્રેડિંગમાં બીએસઈસેન્સેક્સમાં ઘણો ઉતાર-ચઢાવ જોવા મળ્યો હતો પરંતુ ટ્રેડિંગના અંતે બીએસઈસેન્સેક્સ ૩૧૪ પોઈન્ટના ઘટાડા સાથે ૭૧,૧૮૬ના સ્તરે બંધ થવામાં સફળ રહ્યો હતો. નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૯૩ પોઈન્ટના ઘટાડા સાથે ૨૧,૪૭૯ની સપાટીએ બંધ રહ્યો હતો. ગુરુવારે, નિફ્ટી મિડ કેપ ૧૦૦, નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં નબળાઈ નોંધાઈ હતી જ્યારે બીએસઈ સ્મોલ કેપ ઈન્ડેક્સ નજીવા વધારા સાથે બંધ થવામાં સફળ રહ્યો હતો.

શેરબજારના ટોપ ગેઈનર્સમાં સન ફાર્મા ૩ ટકાના ઉછાળા સાથે, ટેક મહિન્દ્રા ૨.૫ ટકાના વધારા સાથે બંધ થયા હતા, જ્યારે સિપ્લા અને ટાટા મોટર્સના શેર પણ વધારા સાથે બંધ થવામાં સફળ રહ્યા હતા.

ગુરુવારે, એલટીઆઈ માઈન્ડ ટ્રીના શેરમાં ૧૧ ટકાનો ઘટાડો નોંધાયો હતો જ્યારે એચડીએફસીબેંક અને એનટીપીસીત્રણ ટકાના ઘટાડા સાથે બંધ થયા હતા. એશિયન પેઈન્ટ્સના શેરમાં બે ટકાથી વધુની નબળાઈ નોંધાઈ છે.

એક્સિસ બેંક, મહિન્દ્રા અને એપોલો હોસ્પિટલના શેર પણ શેરબજારના ટોપ ગેનર્સની યાદીમાં સામેલ થયા છે, જ્યારે ટાઈટન, પાવર ગ્રીડ અને ઈન્ડસઈન્ડ બેંકના શેર પણ ટોપ લુઝર્સમાં સામેલ થયા છે. શેરબજારમાં ચાલી રહેલી નબળાઈ વચ્ચે ઓરેકલ, ફિલિપ્સ કાર્બન, શોભા, વૈભવ ગ્લોબલ, એપ્ટસ વેલ્યુ હાઉસિંગ, એપોલો ટાયર્સ અને વેલસ્પન કોર્પના શેર ૫૨ સપ્તાહની ટોચે પહોંચી ગયા છે. વીઆઈપી ઈન્ડસ્ટ્રીઝના શેર ૫૨ સપ્તાહના સૌથી નીચા સ્તરે પહોંચી ગયા છે. શેરબજારના રોકાણકારોને મલ્ટિબેગર રિટર્ન આપતી કંપનીઓ વિશે વાત કરીએ તો, કામધેનુ લિમિટેડના શેરમાં ૧૦ ટકાનો વધારો નોંધાયો છે. બ્રાન્ડ કોન્સેપ્ટ, એન્જિનિયર્સ ઈન્ડિયા લિમિટેડ, ટાટા મોટર્સ, યુનિ પાર્ટ્સ, ઓએનજીસી, આઈસીઆઈસીઆઈ બેંક, જિયો ફાઈનાન્શિયલ, એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ, એચડીએફસી લાઈફ અને કોટક મહિન્દ્રા બેંકના શેરમાં વધારો થયો હતો જ્યારે ઓમ ઈન્ફ્રા, ગ્લોબસ સ્પિરિટ, એનએમડીસી લિમિટેડ, નેસ્લે ઈન્ડિયામાં નબળાઈ નોંધાઈ હતી. દેવયાની ઈન્ટરનેશનલ, સ્ટોવ ક્રાફ્ટ અને આઈસીઆઈસીઆઈપ્રુડેન્શિયલ લાઈફ ઈન્શ્યોરન્સના શેરમાં. ગૌતમ અદાણી ગ્રુપની ૧૦ લિસ્ટેડ કંપનીઓમાંથી પાંચના શેરમાં થોડો વધારો જોવા મળ્યો હતો જ્યારે પાંચના શેરમાં નબળાઈ જોવા મળી હતી. અદાણી પાવર ૧.૬૩ ટકાના વધારા સાથે બંધ રહ્યો હતો જ્યારે અદાણી એનર્જી સોલ્યુશન બે ટકાની નબળાઈ સાથે બંધ રહ્યો હતો.

### ભારતે બે સુપર ઓવર બાદ અફઘાનિસ્તાન સામે મેચ જીતી

# વિરાટે બાઉન્ડ્રી બહાર જતા બોલને હવામાં ઊછળીને બોલને અંદર ફેંક્યો

## ભૂતપૂર્વ કેપ્ટન વિરાટ કોહલીની ચપળતા જોઈને ત્યાં હાજર દર્શકો જી.ઓ.એ.ટીની બૂમો પાડવા લાગ્યા

। નવી દિલ્હી, તા.૧૮ ।

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે રમાયેલી ટી૨૦આઈસીરિઝની છેલ્લી મેચ ખૂબ જ રોમાંચક રહી હતી. મેચ ટાઈ થયા બાદ બીજી સુપર ઓવરમાં ભારતે જીત મેળવી હતી. મેચમાં ઘણા એવા ટ્વિસ્ટ આવ્યા, જેણે દર્શકોને ઉઠવા પણ ન દીધા હતા. મેચની ૧૭મી ઓવર ઘણી યાદગાર રહી હતી. આ ઓવરમાં વિરાટ કોહલીએ બાઉન્ડ્રીની બહાર જતા બોલને કેચ કરીને બાઉન્ડ્રીની અંદર ફેંકી દીધો હતો. વિરાટની આવી જબરદસ્ત ફિલ્ડીંગ ભારતની જીત માટે ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થઈ હતી. અફઘાનિસ્તાનની ટીમને જીતવા માટે ૨૦ બોલમાં ૪૮ રનની જરૂર હતી. અફઘાનિસ્તાનના ખેલાડી ગુબદીન નાઈબ અને કરીમ જન્નત ક્રિઝ પર હતા. ભારત તરફથી ૧૭મી વોશિંગ્ટન સુંદર નાખી રહ્યા હતો. સુંદરે ઓવરનો પાંચમો બોલ ફેંક્યો અને જન્નતે શાનદાર શોટ માર્યો. બોલ હવામાં હતી અન દર્શકોને લાગ્યું કે આ બોલ છગ્ગા માટે ગયો. ભારત માટે આ બોલ ખુબ જ મહત્વપૂર્ણ હતો. ત્યારબાદ કોહલીએ અજાયબી કરી અને પુરી ઝડપે હવામાં કૂદીને છગ્ગા માટે જતા બોલને રોકી દીધો. કોહલીની ચપળતા જોઈને ત્યાં હાજર દર્શકો જી.ઓ.એ.ટીની બૂમો પાડવા લાગ્યા હતા. વિરાટનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ખુબ વાયરલ થઈ રહ્યો છે. ભારતીય ટીમના ખેલાડી જિતેશ શર્માએ કહ્યું, "તે ક્ષણ અમારે માટે યાદગાર હતો. ભારત માટે દરેક મહત્વપૂર્ણ હતો, આવી સ્થિતિમાં એક છગ્ગો ભારતને મુશ્કેલીમાં મૂકી શકતો હતો. તમામ દર્શકો પરેશાન હતા. પેવેલિયન સાવ શાંત હતો.

### મણિપુરમાં ફરી હિંસા સામે ભારે વિરોધ

# મહિલા પ્રદર્શનકારીઓએ ઈમ્ફાલમાં મશાલ રેલી યોજી

## રાજ્યમાં વધી રહેલી હિંસાના વિરોધમાં રાજ્યના મુખ્યમંત્રી એન. બિરેનસિંહના સરકારી આવાસ તરફ પણ રેલી યોજી

। ઈમ્ફાલ, તા.૧૮ ।

મણિપુરમાં હિંસાને લઈને બુધવારે રાજધાની ઈમ્ફાલમાં મહિલા પ્રદર્શનકારીઓએ 'મશાલ રેલી' યોજી હતી. આ દરમિયાન તેમણે ગત વર્ષથી રાજ્યમાં વધી રહેલી હિંસાના વિરોધમાં રાજ્યના મુખ્યમંત્રી એન. બિરેન સિંહના સરકારી આવાસ તરફ પણ રેલી યોજી હતી. આ રેલી તેંગનોઉપલ જિલ્લામાં ભારત-મ્યાનમાર સરહદ પર એક સરહદી શહેર મોરેહમાં ઉગ્રવાદીઓના હુમલામાં બે સૈનિકોના શહીદ થયા બાદ આ રેલી કાઢવામાં આવી હતી.

મીરા પાઈબી સંગઠન સાથે સંકળાયેલી આ મહિલાઓ માલોમ, કીશમપત અને ક્વાકીથેલ વિસ્તારોમાંથી આવી હતી અને તેઓએ રેલી દરમિયાન રાજ્યના સીએમ વિરુદ્ધ સૂત્રોચ્ચાર પણ કર્યા હતા. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ દરમિયાન દેખાવો કરી રહેલી મહિલાઓએ મુખ્યમંત્રી સચિવાલયમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. જોકે પોલીસે તેમને અંદર જતા અટકાવી દીધા હતા. દેખાવ કરતી મહિલાઓએ મોરેહ અને મણિપુરના અન્ય વિસ્તારોમાં તાજેતરમાં જ થયેલા ગોળીબારની ઘટનાઓની નિંદા કરી અને ઉગ્રવાદી સંગઠનો સાથે સસ્પેન્શન ઓફ ઓપરેશન્સ (એસઓઓ) કરારને રદ કરવાની માંગ કરી હતી. ૨૨ ઓગસ્ટ ૨૦૦૮ના રોજ ઉગ્રવાદી જૂથો સાથે રાજકીય વાટાઘાટો શરૂ કરવાના હેતુથી આ કરાર કરવામાં આવ્યો હતો. મોરેહના ચિકિમ ગામમાં ૧૭ જાન્યુઆરીના રોજ સવારે લગભગ ૪ વાગ્યે પહાડી વિસ્તારમાં સશસ્ત્ર ઉગ્રવાદીઓઓ હુમલો કર્યો હતો.

# દેશના સરકારી વેરહાઉસમાં ઘઉંનો સ્ટોક સાત વર્ષની નીચલી સપાટીએ

## એફસીઆઈઅને રાજ્યની એજન્સીઓ પાસે ઘઉંનો કુલ સ્ટોક ૧૬૩.૫ લાખ ટન જ હતો, જે સાત વર્ષમાં સૌથી ઓછો

। નવી દિલ્હી, તા.૧૮ ।

ભોજનની થાળીમાં સૌથી મહત્ત્વપૂર્ણ વસ્તુ એટલે કે રોટલી જ હવે વધુ મોંઘી થઈ શકે છે કારણ કે દેશભરના સરકારી વેરહાઉસમાં ઘઉંનો સ્ટોક સાત વર્ષની નીચલી સપાટીએ પહોંચી ગયો છે. સત્તાવાર માહિતી અનુસાર ૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીમાં ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એફસીઆઈ) અને રાજ્યની એજન્સીઓ પાસે ઘઉંનો કુલ સ્ટોક ૧૬૩.૫ લાખ ટન જ હતો, જે સાત વર્ષમાં સૌથી ઓછો છે. અગાઉ ૨૦૧૭માં દેશભરના વેરહાઉસમાં ૧૩૭.૫ લાખ ટન ઘઉંનો સ્ટોક નોંધાયો હતો. છેલ્લા સાત વર્ષમાં સૌથી વધુ સ્ટોક ૨૦૨૧માં નોંધાયો હતો. ત્યારે ઘઉંનો કુલ સ્ટોક ૩૪૨.૯૦ લાખ ટન હતો. ૨૦૨૨માં તે ઘટીને ૩૩૦.૧૨ લાખ ટન અને ૨૦૨૩માં ૧૭૧.૭૦ લાખ ટન રહી ગયો હતો. જોકે, વર્તમાન ભંડાર કેલેન્ડર વર્ષની શરૂઆત માટે ૧૩૮ લાખ ટનના લઘુતમ બફર સ્ટોક કરતાં વધુ છે. ભવિષ્યમાં કોઈ પણ વસ્તુની અછતને પહોંચી વળવા માટે જે સ્ટોક કરવામાં આવે છે તેને 'બફર સ્ટોક' કહેવાય છે. એટલે કે ૩૦ લાખ ટનનો સ્ટોક ત્રણ મહિનાની ૧૦૮ લાખ ટનની ઓપરેશનલ જરૂરિયાત અને કોઈપણ ખરીદીની અછતને પહોંચી વળવા માટે રિઝર્વ રખાય છે. સરકારી વેરહાઉસના ડેટા દર્શાવે છે કે ૧ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ચોખાનો સ્ટોક ૫૧૬.૫ લાખ ટન હતો, જે ૭૬.૧ લાખ ટનના સ્ટાન્ડર્ડ ન્યૂનતમ બફર સ્ટોક કરતાં વધુ છે. જો આપણે ચોખા અને ઘઉંના સ્ટોકને એકસાથે લઈએ તો આ આંકડો ૬૮૦ લાખ ટન સુધી પહોંચી જાય છે, જે ૨૧૪.૧ લાખ ટનના બફર સ્ટોક કરતાં ત્રણ ગણો વધુ છે. વર્તમાન સમયમાં ઘઉંનો સ્ટોક ત્યારે ઘટ્યો છે જ્યારે સપ્ટેમ્બર ૨૦૨૨ થી નવેમ્બર ૨૦૨૩ સુધી સતત ૧૫ મહિના સુધી ફુગાવો ડબલ ડિજિટમાં રહ્યા બાદ ડિસેમ્બરમાં છૂટક અનાજની કિંમતો વાર્ષિક ધોરણે ૯.૯૩ ટકા વધી છે. આ ઘટાડો સતત બે વર્ષ દરમિયાન ઘઉંના ઓછા ઉત્પાદનને કારણે થયો છે, જેના કારણે રાજ્ય સંચાલિત એજન્સીઓએ ખાનગી સંસ્થાઓને વધુ વેચાણ કરવાની ફરજ પડી છે. ગયા વર્ષે વિશ્વના બીજા સૌથી મોટા ઘઉંના ઉત્પાદક ભારતે ઘઉંની નિકાસ કરવાનું બંધ કરી દીધું હતું.


**વિશેષ**

### અનડોક્યુમેન્ટેડ માઈગ્રન્ટ્સને કારણે સંખ્યા વધી

# ન્યૂયોર્કમાં ક્રાઈમ રેટ અને ભીખારીઓની સંખ્યા વધી ગઈ!

## ન્યૂયોર્કના મેયર એરિક એડમ્સ શેલ્ટર હોમમાં રહેતા માઈગ્રન્ટ્સ પર રાત્રે ૧૧થી સવારે છ વાગ્યા સુધી કરફ્યુ લાદવાનું વિચારી રહ્યા છે









। ન્યૂયોર્ક, તા.૧૮ ।

અનડોક્યુમેન્ટેડ માઈગ્રન્ટ્સને કારણે ન્યૂયોર્કમાં ક્રાઈમ રેટ વધી ગયો હોવાની ફરિયાદો વચ્ચે હવે શહેરના મેયર માઈગ્રન્ટ્સ પર કરફ્યુ લાદવાનું વિચારી રહ્યા છે. એક રિપોર્ટ અનુસાર, મેયર એરિક એડમ્સ માઈગ્રન્ટ્સ માટે જે કાયદો બનાવવાનું વિચારી રહ્યા છે તેના હેઠળ ન્યૂયોર્કમાં રહેતા અનડોક્યુમેન્ટેડ માઈગ્રન્ટ્સ રાત્રે ૧૧ વાગ્યાથી સવારે છ વાગ્યાના ગાળામાં શેલ્ટર હોમમાંથી નહીં નીકળી શકે. મેયર એરિક એડમ્સનો પ્લાન ઓછી સંખ્યામાં માઈગ્રન્ટ્સ રહેતા હોય તેવા શેલ્ટર્સથી આ નિયમના અમલને શરૂ કરાવવાનો છે.

આ નિયમ અમલી બન્યા બાદ જો કોઈ માઈગ્રન્ટ ત્રણ વાર તેનો ભંગ કરશે તો તેને શેલ્ટરમાંથી બહાર નીકળી જવાની ફરજ પડવામાં આવશે. ન્યૂયોર્કમાં માઈગ્રન્ટ્સને કારણે ક્રાઈમ રેટ વધી ગયો હોવાની ફરિયાદો વચ્ચે સ્થાનિકો એવા પણ આક્ષેપ કરી રહ્યા છે કે કેટલાય માઈગ્રન્ટ્સ ન્યૂયોર્કના અલગ-અલગ વિસ્તારોમાં ભીખ પણ માગી રહ્યા છે, અને ઘણીવાર તેઓ લોકોના ઘર પાસે જઈને કપડાં કે પછી ફુડ માગે છે.

ન્યૂયોર્કના સૌથી મોટા શેલ્ટર્સમાંના એક એવા બ્રૂકલીનના ફ્લોયડ બેનેટ ફિલ્ડ શેલ્ટરની આસપાસ ક્રાઈમ રેટ વધી ગયો હોવાનો રિપોર્ટ ન્યૂયોર્કના અખબારમાં પ્રસિદ્ધ થયો હતો. ન્યૂયોર્ક પોસ્ટ નામના અખબારના રિપોર્ટ અનુસાર, ફ્લોયડ બેનેટ ફિલ્ડમાં બે હજાર જેટલા અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સને રાખવામાં આવ્યા છે, જ્યાં ૨૭ નવેમ્બરથી ૭ જાન્યુઆરીના ગાળામાં રોબરી અને ચોરી સહીતના ગુના વધી ગયા હતા તેમજ શેલ્ટરની આસપાસના સ્ટોર્સમાં ચોરી થવાની ઘટનાઓ પણ વધી ગઈ હતી.

સ્થાનિક લોકોને ટાંકીને આ અખબારે એમ પણ જણાવ્યું હતું કે ઘણી માઈગ્રન્ટ મહિલા દેહવેપાર કરી રહી છે, જ્યારે અમુક માઈગ્રન્ટ્સ વાહનચાલકોની સામે આવી જઈને તેમને એક્સિડન્ટ કેસમાં ફસાવી દેવાની ધમકી આપી તેમની પાસેથી ૫૦૦ ડોલર જેટલી રકમ પડાવી રહ્યા હોવાની પણ ઘટના બની રહી છે. આ શેલ્ટર હોમને નવેમ્બર મહિનામાં ખોલવામાં આવ્યું હતું, જ્યાં બે હજાર માઈગ્રન્ટ્સને રખાયા છે પરંતુ ત્યારબાદ અહીં ક્રાઈમ રેટ વધતા પોલીસ દ્વારા પાંચ માઈગ્રન્ટ્સની ધરપકડ પણ કરવામાં આવી હતી.

ન્યૂયોર્કમાં સર્જાયેલી માઈગ્રન્ટ્સ ક્રાઈસિસ છેલ્લા ઘણા સમયથી અમેરિકા જ નહીં પરંતુ આખી દુનિયામાં ચર્ચાનો વિષય બની રહી છે. હજારો-લાખો અનડોક્યુમેન્ટેડ માઈગ્રન્ટ્સને ન્યૂયોર્કની હોટેલ્સ, શેલ્ટર હોમ્સ તેમજ જ્યાં જગ્યા મળે ત્યાં રાખવામાં આવી રહ્યા છે, પરંતુ તેમાં ન્યૂયોર્કને કરોડો ડોલરનો ખર્ચો પણ થઈ રહ્યો છે. તેવામાં હવે ન્યૂયોર્ક સ્ટેટના મંગળવારે રજૂ કરાયેલા ૨૩૩ અબજ ડોલરના બજેટમાં ન્યૂયોર્ક સિટીને માઈગ્રન્ટ્સ ક્રાઈસિસને પહોંચી વળવા માટે ૨.૪ અબજ ડોલર ફાળવવામાં આવ્યા છે, જે ગત વર્ષથી ૫૦૦ મિલિયન ડોલર વધારે છે.

ન્યૂયોર્ક સિટીના મેયર એરિક એડમ્સ ઘણા સમયથી માઈગ્રન્ટ્સના ધસારાને પહોંચી વળવા માટે બજેટ વધારવાની માગ કરી રહ્યા હતા, અને તેના માટે તેમણે ફેડરલ ગવર્મેન્ટની પણ મદદ માગી હતી. જોકે, એરિક એડમ્સે જે ડિમાન્ડ કરી હતી તેની સામે ન્યૂયોર્કને આ ક્રાઈસિસને પહોંચી વળવા ખૂબ જ ઓછું બજેટ ફાળવવામાં આવ્યું છે.

ન્યૂયોર્કના મેયરે હજુ ગત સપ્તાહે જ જણાવ્યું હતું કે માઈગ્રન્ટ્સને રાખવા માટે ન્યૂયોર્ક સિટીને ૨૦૨૫ના સમર સુધીમાં ૧૨ અબજ ડોલરના ફંડની જરૂર પડશે, પરંતુ તેની સામે ગવર્નરે બજેટમાં ન્યૂયોર્ક સિટીને ૨.૪ અબજ ડોલર જ ફાળવ્યા છે. ન્યૂયોર્ક સ્ટેટના ગવર્નર કેથી હોચુલે બજેટ રજૂ કરતી વખતે એમ પણ જણાવ્યું હતું કે તેઓ આગામી દિવસોમાં વોશિંગ્ટન જઈને માઈગ્રન્ટ્સને વર્ક ઓર્થોરાઈઝેશન આપવા સહિતના મુદ્દા પર ફેડરલ ગવર્મેન્ટનો સપોર્ટ માગશે.

એક અંદાજ અનુસાર છેલ્લા છ-સાત મહિનામાં મેક્સિકો બોર્ડરથી અમેરિકામાં પ્રવેશેલા ૧.૬૫ લાખ જેટલા માઈગ્રન્ટ્સને ન્યૂયોર્ક સિટી મોકલવામાં આવ્યા છે, જેમાંથી ૭૦ હજાર હજુય હોટેલ્સ કે પછી શેલ્ટર્સમાં જ રહે છે અને તેમને જમવાનું સરકાર પૂરું પાડે છે. ન્યૂયોર્કમાં બ્રુકલીનમાં આવેલા ફ્લોયડ બેનેટ ઉપરાંત મેનહટ્ટનના રેન્ડોલ્સ આયલેન્ડ અને ક્વીન્સમાં ક્રિડમૂર સાયકિયાટ્રિક સેન્ટરમાં હજારો માઈગ્રન્ટ્સને રહેવા માટે મોટા પાયે સુવિધા ઉભી કરાઈ છે. આ સિવાય અન્ય જગ્યાઓએ પણ અલગ-અલગ હોટેલ્સ સહિતના સ્થળો પર માઈગ્રન્ટ્સને રાખવામાં આવ્યા છે.

**ન્યૂઝ બ્રિફ**

## ઓનલાઇન હાજરીમાં ગુલ્લી મારતાં શિક્ષકો સામે શિક્ષણાધિકારીની લાલ આંખ

। સુરત, તા.૧૮ ।

સુરતની ૭૨૪ શાળાના કેટલાક શિક્ષકોની ઓનલાઈન હાજરીમાં ગુલ્લી મારતાં જિલ્લા શિક્ષણાધિકારીએ લાલ આંખ કરી છે. ઉલ્લેખનીય છે કે આ ૭૨૪ શાળાના કેટલાક વિદ્યાર્થીઓની હાજરીમાં પણ અનિયમિતતા જોવા મળી છે. આ મામલે નિયમોનું પાલન કરવા તાકીદ કરવામાં આવી છે.

નિયત સમયમાં હાજરી ન પૂરતી સુરતની ૭૨૪ શાળાઓની યાદી જાહેર કરવામાં આવી છે. જાહેર કરેલી આ શાળાઓએ ૧૫ દિવસથી વધારે દિવસની હાજરી પૂરી નથી

તમામ સ્કૂલોને નિયમોનું પાલન કરવાની તાકીદ અપાઈ છે. ઉલ્લેખનીય છે કે શિક્ષણકાર્યમાં ગુણવત્તા જાળવવા માટે શિક્ષણાધિકારી દ્વારા ભાર આપવામાં આવી રહ્યો છે.

## ઓવર સ્પીડમાં આવતી કારે સ્કૂટર સવારને ફંગોળતા કરૂણ મોત

। શામળાજી, તા.૧૮ ।

હાલોલ શામળાજી હાઈવે પર બાબલીયા ચોકડી પાસે સર્જાયેલા અકસ્માતમા એકનું મૃત્યુ નિપજ્યું. રફતારે વધુ એક વ્યક્તિનો ભોગ લીધો અહી પૂરપાર ઝડપે આવતી કારે સ્કૂટર ચાલકને અડફેટે લેતા સ્કૂટર સવારને ગંભીર ઈજા પહોંચતા તેનું મોત થયું હતું. અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ભેગી થયા હતા. જેના કારણે ટ્રાફિક પણ અવરોધાયો હતો. ઘટનાની જાણ થતાં બાકોર પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને વધુ તપાસ હાથ ધરી છે. જેના કારણે ટ્રાફિક પણ અવરોધાયો હતો. ઘટનાની જાણ થતાં બાકોર પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને વધુ તપાસ હાથ ધરી છે.

# વડોદરાના હરણી તળાવમાં વિદ્યાર્થીઓ ભરેલી બોટ પલટતા ૧૫ના મોત થયા

### બાળકોને લાઈફ જેકેટ પહેરાવ્યા વગર જ બોટમાં બેસાડવામાં આવ્યા હતા ત્યારે અચાનક બોટ પલટી હતી

। વડોદરા, તા.૧૮ ।

વડોદરા શહેરના હરણી તળાવમાં પ્રવાસમાં આવેલા વિદ્યાર્થીઓની બોટ પલટી ગઈ હોવાની દુર્ઘટના બની છે. આ કરુણ દુર્ઘટનામાં અત્યાર સુધી કુલ ૧૫ લોકોના મોત થયા છે. જ્યારે ૧૦ જેટલા વિદ્યાર્થીઓ ઈજાગ્રસ્ત થયા છે. આ ઉપરાંત સાત જેટલા વિદ્યાર્થીઓને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક માહિતી પ્રમાણે આ બોટમાં કુલ ૨૭ જેટલા વિદ્યાર્થીઓ અને ચાર શિક્ષકો સવાર હતા. આ વિદ્યાર્થીઓ ન્યૂ સનરાઈઝ સ્કૂલના હોવાની માહિતી સામે આવી છે. મીડિયા અહેવાલ પ્રમાણે બાળકોને લાઈફ જેકેટ પહેરાવ્યા વગર જ બોટમાં બેસાડવામાં આવ્યા હતા. દ્રહ્રઈહ્નની ટીમ ત્યાં પહોંચી ગઈ હતી અને બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના અંગે શોક વ્યક્ત કર્યો છે અને મૃતકોના પરિવારજનોને ૨-૨ લાખ રૂપિયા તથા ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

મીડિયા અહેવાલ પ્રમાણે સ્કૂલના બાળકો પ્રવાસ માટે આવ્યા હતા અને તેઓ બોટમાં બેઠા હતા ત્યારે અચાનક બોટ પલટી ગઈ હતી. અત્યાર સુધી બે શિક્ષક સહિત કુલ ૧૫ લોકોના મોતના અહેવાલ આવ્યા છે પરંતુ હજી મૃત્યુઆંક વધે તેવી શક્યતા છે. કહેવામાં આવી રહ્યું છે કે ૧૬ લોકોની ક્ષમતા ધરાવતી બોટમાં ૨૭ લોકોને બેસાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત એક પણ વિદ્યાર્થીને લાઈફ જેકેટ પહેરાવવામાં આવ્યું ન હતું. બોટ ડૂબ્યા બાદ સ્થાનિક તરવૈયાઓએ તરત જ બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. આ ઉપરાંત પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આ દુર્ઘટનાને હૃદયદ્રાવક ગણાવીને મૃતકોની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી છે. તેમણે સોશિયલ મીડિયા એક્સ પર લખ્યું હતું કે, વડોદરાના હરણી તળાવમાં બોટ પલટી જતાં બાળકોના ડૂબવાની ઘટના અત્યંત હૃદયવિદારક છે. જાન ગુમાવનાર નિર્દોષ બાળકોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરું છું. દુઃખની આ ઘડીમાં તેમના પરિવારજનો પ્રત્યે આત્મીય સંવેદના વ્યક્ત કરું છું. પરમકૃપાળુ પરમાત્મા તેમને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે. તંત્ર દ્વારા બોટમાં સવાર વિદ્યાર્થીઓ અને શિક્ષકની બચાવ કામગીરી હાલ ચાલુ છે. દુર્ઘટનાનો ભોગ બનનારાને રાહત અને સારવાર તાકીદે મળે તે માટે તંત્રને સૂચના આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કરી છે અને સહાય આપવાની જાહેરાત કરી છે. વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા એક્સ પર લખ્યું હતું કે, વડોદરાના હરણી તળાવમાં બોટ પલટી જવાથી થયેલા જાનહાનિથી હું વ્યથિત છું. દુઃખની આ ઘડીમાં મારી સાંત્વના શોકગ્રસ્ત પરિવારો સાથે છે. ઘાયલો જલ્દી સાજા થાય તેવી પ્રાર્થના. સ્થાનિક વહીવટીતંત્ર અસરગ્રસ્તોને તમામ શક્ય સહાય પૂરી પાડી રહ્યું છે. પરમકૃપાળુ પરમાત્મા તેમને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે. તંત્ર દ્વારા બોટમાં સવાર વિદ્યાર્થીઓ અને શિક્ષકની બચાવ કામગીરી હાલ ચાલુ છે. દુર્ઘટનાનો ભોગ બનનારાને રાહત અને સારવાર તાકીદે મળે તે માટે તંત્રને સૂચના આપી છે.

### ભૂપેન્દ્ર પટેલે તાત્કાલિક તંત્રને આપ્યા આદેશ

# બાળકો ડૂબવાની ઘટના અત્યંત અત્યંત કમનસીબ છે : મુખ્યમંત્રી

। વડોદરા, તા.૧૮ ।

વડોદરાના હરણી તળાવમાં બોટ પલટી જતા ૧૪ માસૂમોના જીવ ગયા છે. જેમાં ૧૨ બાળકો અને ૨ શિક્ષકોના મોત થયા છે. જ્યારે ૧૧ બાળકો અને ૨ શિક્ષકોનો રેકક્યૂ કરાયું છે. આપને જણાવી દઈએ કે, આ બોટમાં ન્યુ સનરાઇઝ સ્કૂલના વિદ્યાર્થીઓ અને શિક્ષક સહિત ૨૩ લોકો સવાર હતાં. જે દર્દ દ્વારક ઘટનાના પગલે અનેક માસૂમોએ જીવ ગુમાવ્યા છે, ત્યારે ઘટનાના તાગ મેળવવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વડોદરા જવા માટે રવાના થયા હતા. તેમણે ટ્વીટ કર્યું છે કે, હરણી તળાવની દુર્ઘટનાને લઈને ખૂબ વ્યથિત છું. કાળ જ્યારે માસૂમ બાળકોને માતાપિતા પાસેથી છીનવી લે ત્યારે તેમના હૃદય પર શું વીતે તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. તંત્ર સાથે સતત સંકલનમાં છું અને અન્ય કાર્યક્રમ સ્થગિત કરીને વડોદરા જવા નીકળી રહ્યો છું. હાલ તંત્ર દ્વારા તાકીદે રાહત-બચાવ અને સારવારની કામગીરી ચાલુ છે. વધુને વધુ જીવન બચાવી શકાય તેવી આપણા સૌની લાગણી અને પ્રાર્થના છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ દૂર્ઘટના પગલે દુઃખ વ્યક્ત કરતા એક્સ પર લખ્યું છે કે, વડોદરાના હરણી તળાવમાં બોટ પલટી જતાં બાળકોના ડૂબવાની ઘટના અત્યંત હૃદયવિદારક છે. જાન ગુમાવનાર નિર્દોષ બાળકોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરું છું. દુઃખની આ ઘડીમાં તેમના પરિવારજનો પ્રત્યે આત્મીય સંવેદના વ્યક્ત કરું છું. પરમકૃપાળુ પરમાત્મા તેમને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે.

### ઉત્તરાયણની પૂર્વ રાત્રિએ ફરી ચોરી કરવા આવ્યો

# જામનગરમાં પંજાબ નેશનલ બેંકના તાળા તોડી તસ્કરે પોલીસને પડકાર ફેક્યો

### ભરચક ચહલપાલ વાળા વિસ્તારમાં બેંક લૂંટવા આવેલ આ ચોરની ચહપહલ CCTV માં કેદ થઇ ગઇ હતી

। જામનગર, તા.૧૮ ।

જામનગરમાં ઉદ્યોગ નગરના ભરચક વિસ્તારમાં શિયાળાની ઠંડીમાં પંજાબ નેશનલ બેંકના તાળા તોડી તસ્કરે પોલીસને પડકાર ફેક્યો છે. અને બેંકમાં ચોરીના આ નિષ્ફળ પ્રયાસના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. દેશ-વિદેશમાં બ્રાસ પાર્ટને લઈને જામનગરનું નામ ચળકી રહ્યું છે ત્યારે જામનગરના શંકર ટેકરી ઉદ્યોગ નગર વિસ્તારમાં હિરજી મિસ્ત્રી રોડ પર આવેલ પંજાબ નેશનલ બેંકમાં ૧૩ જાન્યુઆરીની રાત્રે એક બુકાની ધારી શખ્સે તાળા તોડી તસ્કરીનો પ્રયાસ કર્યો હતો. ભરચક ચહલપાલ વાળા વિસ્તારમાં બેંક લૂંટવા આવેલ આ ચોરની ચહપહલ CCTV માં કેદ થઈ ગઈ હતી. અને આ સમગ્ર ઘટના અંગે બેંકના સત્તાધીશોએ સીટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી વિધિવત ફરિયાદ નોંધાવી હતી. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજના આધારે સીટી સી ડિવિઝન પોલીસે તસ્કરી કરવા આવેલા આ શખ્સને શોધખોળ માટે ચક્રો ગતિમાન કર્યા હતા તેવામાં શંકર ભરતભાઈ કૌશલ્યા નામનો ૨૨ વર્ષિય BA નો અભ્યાસ કરતો યુવાન પોલીસના હાથે લાગ્યો હતો અને તેની પાસેથી પોલીસે તસ્કરી માટે ઉપયોગમાં લેવાયેલ સાયકલ તેમજ મોઢે બાંધેલ બુકાને ટોપી તથા કટર અને તેનું ચાર્જર પણ પોલીસે કબજે કર્યું છે. બી.એ. નો અભ્યાસ કરતા નેપાળી શંકર નામનો આ યુવક અગાઉ પણ આ જ બેંકમાં બીપરજોય વાવાઝોડા વખતે હથોડા સાથે ચોરી કરવા આવ્યો હતો પરંતુ તાળું તૂટ્યું જ નહીં, અને બાદમાં ફરી મકરસંક્રાંતિની પૂર્વરાત્રીએ ૧૩ જાન્યુઆરીએ જ ઓનલાઈન ઈલેક્ટ્રીક કટર મંગાવી હીરજી મિસ્ત્રી રોડ પર આવેલી પંજાબ નેશનલ બેંકની ઉદ્યોગ નગર શાખાની પહેલા માટે આવેલ જાળી તોડી ઉપર પ્રવેશ્યો હતો.

### વેપારીએ હુમલાને પગલે સ્થાનિક પોલીસને ફરિયાદ કરી

# મહેસાણામાં બુરખો પહેરીને વેપારી પર હુમલો કરનાર આરોપી ઝડપાયો

। મહેસાણા, તા.૧૮ ।

મહેસાણા જિલ્લાના જોટાણામાં બુરખો પહેરીને આરોપી પર હુમલો કરવાની ઘટનામાં આરોપીને પોલીસે ઝડપી લીધો છે. વેપારી પર હુમલો કરવાનો વીડિયો સામે આવ્યો હતો અને જેને લઈ પોલીસે આરોપીની શોધખોળ શરુ કરી હતી. આ દરમિયાન પોલીસને આરોપી સુધી પહોંચવામાં સફળતા મળતા હુમલાખોર યુવકને ઝડપી લેવાયો છે. મહેસાણા જિલ્લાના જોટાણામાં એક યુવકે વેપારી પર હુમલો કર્યો હતો. યુવક બુરખો પહેરીને દોડી આવીને હુમલો વેપારી પર કરવાની ઘટનાને લઈ વિસ્તારમાં ચર્ચાનો માહોલ સર્જાયો હતો. વેપારીએ હુમલાને પગલે સ્થાનિક પોલીસને ફરિયાદ કરી હતી. જેને લઈ પોલીસે આરોપીને શોધવા માટે સીસીટીવી દ્વારા તપાસ શરુ કરી હતી. જેમાં આરોપીની કડીઓ મળી આવતા પોલીસ આરોપી સુધી પહોંચી ગઈ હતી. પોલીસે ભઈલુ ઝાલા નામના યુવકની ધરપકડ કરી છે. આરોપી યુવકે મીનરલ વોટરના બીલના પૈસા લેવાના નિકળતા હોવાને લઈ વેપારી પાસે ઉઘરાણી કરી હતી. બંને વચ્ચે આ રકમને લઈ બોલાચાલી થતી હતી. હાલમાં બોર ઓપરેટર તરીકે ફરજ બજાવતા ભઈલુ ઝાલાને પંચાયતમાં પણ બોલતા આખરે તેણે વેપારીને પાઠ ભણાવવા માટે બુરખો પહેરીને હુમલો કર્યો હતો.

### ૮૫૦ વસ્તુઓનું અનેરું આકર્ષણ

# મુખ્યમંત્રીને મળેલી દરેક ભેટ અને સોગાદો ખરીદી શકાશે

### તોશાખાનામાં જમાં કરાવેલ ચીજવસ્તુઓનું પ્રદર્શન-વેચાણ સીટી ડે.કલેકટર(પશ્ચિમ)ની ગોતા સ્થિત કચેરીમાં નિહાળી શકાશે

। ગાંધીનગર, તા.૧૮ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને વિવિધ કાર્યક્રમો અને પ્રવાસ દરમિયાન ભેટ સોગાદોમાં મળેલ અને તોશાખાનામાં જમાં કરાવેલ ચીજવસ્તુઓ પ્રદર્શન અને વેચાણ અર્થે અમદાવાદ જિલ્લાને ફાળવવામાં આવી છે.

આ સંદર્ભે અમદાવાદ ખાતે તા.૨૦/૦૧/૨૦૨૪ સુધી પ્રદર્શન કમ હરાજી કાર્યક્રમ યોજાશે.

આ પ્રદર્શન કમ હરાજી કાર્યક્રમમાં અંદાજીત ૨૫ લાખની કિંમતની ૮૫૦ જેટલી વસ્તુઓનું પ્રદર્શન સહ વેચાણ હાથ ધરવામાં આવનાર હોવાનું સીટી ડે.કલેકટર(પશ્ચિમ) ઉમંગ પટેલે જણાવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દેશના વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના કાર્યકાળ દરમિયાન તેમને વિવિધ કાર્યક્રમો કે પ્રવાસ દરમિયાન મળતી ભેટ સોગાદોને તોશાખાનામાં જમા કરાવીને તેના પ્રદર્શન અને વેચાણમાંથી થતી આવકનો વિવિધ લોકહિત અને જનકલ્યાણના કાર્યોમાં ઉપયોગ કરવાની ઉમદા પહેલ અમલમાં મૂકી હતી. તેમની આ પહેલને હાલમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ સુપેરે આગળ ધપાવી છે. મુખ્યમંત્રીને ભેટ સોગાદોમાં મળેલ અને તોશાખાનામાં જમાં કરાવેલ ચીજ વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ અમદાવાદ ખાતે વસુલાત ભવન, સીટી ડે.કલેકટર(પશ્ચિમ)ની કચેરી, ગોતા, એસ.જી. હાઈવે ખાતે તા.૧૮/૦૧/૨૦૨૪ થી તા.૨૦/૦૧/૨૦૨૪ દરમિયાન કચેરી સમય દરમિયાન રાખવામાં આવ્યું છે.




# સુરતમાં કબૂતરના ચરકથી ફેફસામાં ઇન્ફેકશન થતાં વૃદ્ધનું મોત નીપજ્યું

। સુરત, તા.૧૮ ।

કબૂતરના ચરકથી ફેફસામાં ઈન્ફેકશન થતાં વૃદ્ધનું મોત નીપજ્યું હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ઘોડદોડ રોડ પર રહેતા ૬૮ વર્ષના વૃદ્ધનું ઈન્ફેક્શનના કારણે મોત નીપજ્યું હતું. ન્યૂમોનિયાના કારણે મોત નીપજ્યું હોવાનું તબીબોએ તારણ કાઢ્યું છે. વૃદ્ધ રોજ પૂજાપાઠ બાદ ટેરેસમાં કબૂતરને ચણ નાંખતા હતા.પંકજ દેસાઈને હાયપર સેન્સિટિવિટી ન્યૂમોનિયાનું ઈન્ફેક્શન થયું હતું. હાયપર સેન્સિટિવિટી ન્યૂમોનિયા કબૂતરની ચરખના લીધે થાય છે. ૬૮ વર્ષીય વૃદ્ધ પંકજ દેસાઈ હાયપર સેન્સિટિવિટી ન્યૂમોનિયા ઈન્ફેક્શનના કારણે મૃત્યુ પામ્યા હતા. કબૂતરની ચરકના કારણે ફેફસામાં આ ઈન્ફેક્શન થાય છે.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨